इत्थी परिन्ना

[ભારતીય છન્દઃશાસ્ત્રના પ્રદાન તરીકે સંપાદિત
કરેલું જૈન સાધુજીવનને લગતા કાવ્યનું એક પ્રકરણ]

લેખક : પ્રો૦ ડૉ૦ લુડ્‌વીગ આલ્સડૉર્ફ

અનુવાદક : **અરુણોદય ન૦ જાની**

આયારંગ, દસવેયાલિય અને ઉત્તરજ્ઝાય ઉપરાંત સૂયગડાંગ એ શ્વેતામ્બર જૈન સિદ્ધાન્તના ચાર આગમ ગ્રન્થો પૈકીનું એક છે. એના પ્રથમ સુયક્ખંધના ચોથા પ્રકરણને અહીં તેની સમીક્ષિત ચર્ચા કરવા માટે બે કારણોને લીધે જુદું પાડયું છે:

૧. બ્રહ્મચર્ય અને સ્ત્રીઓ પ્રત્યેનો વ્યવહાર એ પ્રશ્ન, જે સાધુઓનાં જીવન અને આચારને લગતા મુખ્ય પ્રશ્નો પૈકીનો એક છે, તેની તે ચર્ચા કરે છે—અને તે ય પણ નોંધપાત્ર રીતે કરે છે. જોકે આપણને એમાં સૈદ્ધાન્તિક, આદર્શ વસ્તુસ્થિતિનું વિધાન કરતા અને આલેખતા આચારના વિગતપૂર્ણ નિયમોનું સમગ્ર શાસ્ત્ર મળતું નથી; પરંતુ આશ્ચર્ય પમાડે એવી સરળતાથી કબૂલ કરેલા[૧] રોજિંદા વ્યવહારનાં દૂષણોથી ઉદ્‌ભવેલી આગ્રહપૂર્ણ વિનતિ મળે છે. સાધુએ ખરેખર સ્ત્રીઓ સાથેનો સંપર્ક ચીવટપૂર્વક ત્યજવો એ વધારે સારું છે; પરંતુ સાધુ જીવનની મૂળભૂત જરૂરિયાત એટલે કે રોજનું ભિક્ષા માટેનું ભ્રમણ છે; અને

૧ પ્રસ્તુત પ્રકરણ આપણને જ્યાં પાછા ખેંચી જાય છે તેવા જૈન સંઘના ઇતિહાસના દૂરના આરંભકાળમાં જ માત્ર આદર્શ સિદ્ધાન્ત અને દયનીય વ્યવહાર વચ્ચેનું અંતર ઘણું મોટું હતું એમ નથી. ડૉ૦ યુ૦ પી૦ શાહે (જર્નલ, એશિ૦ સોસા૦ મુંબઈ, ૩૦, ૧, પૃ૦ ૧૦૦) અણહિલવાડ પાટણમાં સન ૧૨૪૨માં ભરાયેલી જૈન પરિષદના, હસ્તલિખિત ગ્રંથમાં સચવાયેલા, ઘણા રમૂજી વૃત્તાંતને પ્રગટ કર્યો છે. કેટલાક સંખ્યાબંધ મોટા આચાર્યો અને બીજા અગત્યના સામાન્ય માણસોએ આ પરિષદમાં એક ઠરાવ પસાર કર્યો છે. તે સમયે પ્રચલિત રિવાજ પ્રમાણે જૈન આચાર્યો માત્ર સંતાનોત્પત્તિ કરતા એટલું જ નહિ, પરંતુ તેમને સાધુ કે સાધ્વી તરીકે દીક્ષા પણ આપતા અગર આચાર્યપદે પણ તેમને સ્થાપતા. આ રિવાજની તે ઠરાવમાં નિંદા કરી, તેનો નિષેધ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ભિક્ષા ઘરની સ્ત્રીઓ દ્વારા સાધુઓને અપાતી હોઈને સાધુઓનો સ્ત્રીઓ સાથેનો નિયમિત અને વારંવાર થતો સંપર્ક અનિવાર્ય બને છે. સાધુઓના આચારો અને સંઘની પ્રતિષ્ઠાને માટે આ સંપર્ક દ્વારા ઉત્પન્ન થતા ભયોનું આ પ્રકરણમાં આબેહૂબ વર્ણન કર્યું છે, અને સાધુને ત્યાગ છોડી સંસારમાં પાછા ફરતા રોકવાનો પ્રયત્ન કરવામાં ગ્રન્થકાર આપણને નહિ ધારેલી અને કોઈકવાર અમનોરંજક નહિ એવી, પ્રથમ અનુવાદક યાકોબી[૨]ના શબ્દોમાં “આશરે ૨,૦૦૦ વર્ષ ઉપરના હિંદુ ગૃહજીવનની ઝાંખી” કરાવે છે.

૨. પ્રસ્તુત પ્રકરણના ૫૩ શ્લોકોમાં અસાધારણ રસ ઊભો કરે એવો બીજો ગુણ તે તેમનું સ્વરૂપ છે. ભારતીય છન્દઃશાસ્ત્રના ઇતિહાસમાં જેટલા અગત્યના તેટલા જ દુર્લભ એવા, એટલે કે આર્યાના પ્રાચીનતર સ્વરૂપમાં, આ શ્લોકો રચવામાં આવ્યા છે. પ્રાકૃત કાવ્યમાં પ્રચલિતતમ એવી ઉત્તરકાલીન કે ‘સામાન્ય’ આર્યા, આપણે જાણીએ છીએ તેમ, જૈન આગમોના અર્વાચીનતમ સ્તરનું અંગ છે અને એના પ્રાચીનતર સ્તરોના (મૂળભૂત ભાગોમાં) તે સર્વથા અનુપલબ્ધ છે. એથી ઊલટું ચાલુ આર્યાની પુરોગામિની પ્રાચીન આર્યા, આયાર ૧.૯; સૂયગડ ૧.૪ અને (કંઈક અંશે) ઉત્તરજ્ઝાય ૮ એમ અત્યંત પ્રાચીનતમ જૈન ગ્રંથોનાં ત્રણ પ્રકરણોમાં અને અત્યંત પ્રાચીનતમ પૈકીના એક એવા સુત્તનિપાતનાં ૮ અને ૧૪ એ બે પ્રકરણોમાં જ ઉપલબ્ધ થાય છે. સર્વપ્રથમ યાકોબીએ આયાર ૧.૯ અને સૂય૦ ૧.૪માંથી આ છંદને શોધ્યો અને ZDMG ૩૮, પૃ૦ ૫૯૫...માં એની ચર્ચા કરી. પરંતુ આ બે પ્રકરણોની સમીક્ષિત આવૃત્તિ આ ચર્ચાની સાથે નહિ આપવાથી એમણે કરેલી વિગતપૂર્ણ આંકડામય ચર્ચાની વ્યાવહારિક ઉપયોગિતા મોટે ભાગે ઓછી થઈ ગઈ; જ્યારે હસ્તલિખિત ગ્રંથોમાં અને ચાલુ છાપેલી આવૃત્તિઓમાં અસંખ્ય દૂષિત અને અચોક્કસ જોડણીઓ, ત્યાગ, પ્રક્ષેપ અને જુદા જુદા ભ્રષ્ટ પાઠોને લીધે આ છંદ બગડી ગયો છે અને કોઈકવાર ઓળખાય એવો પણ નથી રહ્યો. પરિણામે શુબ્રિંગે[૩] આયાર ૧.૯ની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરી અને છન્દની પુનઃ ચર્ચા કરી. પાછળથી એ વિદ્વાને[૪] એનું ભાષાંતર પણ આપ્યું અને આ અનુવાદની સમીક્ષા કરતાં લૉયમાને (ZII, ૭, પૃ૦ ૧૬૦...) છન્દની દૃષ્ટિએ વિશેષ પ્રદાન કર્યું. આયાર ૧ની સાથે શુબ્રિંગે સૂયગડ ૧.૪નું ભાષાંતર કરેલું; પરંતુ કમનસીબે આજસુધી એની સમીક્ષિત આવૃત્તિ તૈયાર ન થઈ શકી.[૫] પ્રસ્તુત લેખનું પ્રયોજન આ ખામીને દૂર કરવાનું છે.

આ સાથે મેં નવો અનુવાદ અને ગ્રન્થના કેટલાક અત્યંત ગૂંચવાડા ભરેલા મુદ્દાઓની ચર્ચા કરતું ટિપ્પણ ઉમેર્યું છે. હું માનું છું કે તે યોગ્ય લાગશે. પ્રશંસનીય પ્રારંભકાર્યરૂપ યા૦ નું ભાષાંતર શીલાંકની ટીકા તથા બીજી બે અર્વાચીન ટીકાઓ પર સંપૂર્ણ રીતે આધારિત છે, કારણકે તે સમયે બીજી કોઈ સહાય ન હતી. આ ટીકાઓ આજે પણ અનિવાર્ય છે, છતાં તે વિશ્વસનીય માર્ગદર્શકની ગરજ જરાય સારતી નથી. કેટલીક સ્પષ્ટ બાબતોમાં તેમનાં વ્યાખ્યાનો એકાદ શબ્દ કે કંડિકાના સાચા અર્થનું સંપૂર્ણ અજ્ઞાન બતાવે છે; જ્યારે ઇતર દુર્બોધ સ્થળોએ આપણને તદ્દન લાચાર બનાવે છે—આ હકીકત આજે ય પણ ભાગ્યે જ વિવાદાસ્પદ છે. ઉપરની ટીકાઓ ઉપરાંત શુબ્રિંગ પાસે અનેક અમૂલ્ય અને રસિક

---

૨ સેક્રેડ બુકસ ઑફ ધી ઈસ્ટ, ગ્રં૦ ૪૫, પૃ૦ ૨૭૬, નોંધ ૨.

૩ આયારાંગ સૂત્ર, પ્રથમ શ્રુતસ્કન્ધ (જર્મન) ગ્રન્થ, પૃથક્કરણ અને શબ્દકોષ (લાઇપત્સીગ, ૧૯૧૦).

૪ ‘Worte Mahāvīras’ પુસ્તકમાં (ગોટિન્ગેન, ૧૯૨૬).

૫ પી૦ એલ૦ વૈદ્યે (જુઓ નીચે) તૈયાર કરેલી સૂયગડની સમીક્ષિત આવૃત્તિ તરીકે જાહેર કરાયેલી આવૃત્તિ—ઓછામાં ઓછું ૧. ૪ની બાબતમાં—છંદ તરફ ઓછામાં ઓછું ધ્યાન આપી (કદાચ છંદના જ્ઞાન વગર જ) તૈયાર કરવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠાંતરોવાળી ચૂર્ણિ ટીકા પણ હતી. આનુશ્રુતિક વ્યાખ્યાનોનાં બંધનોથી મોટે ભાગે મુક્ત એવું એમનું ભાષાન્તર એક મોટું અગત્યનું આગળનું સોપાન છે. દરેક પ્રાચીન આગમ ગ્રન્થ–અને ખાસ કરીને પ્રસ્તુત ગ્રંથ—જે મુશ્કેલીઓનો ગંજ ખડકે છે તેનો વિચાર કરતાં, જે સ્થળોએ ગ્રંથની છન્દોરચના અર્થને વિકૃત કરે છે તેવાં સ્થળો બાદ કરતાં અન્યત્ર શુબ્રિંગના ભાષાંતરમાં સુધારાઓની શક્યતાઓનું સૂચન કરવાનું હું સાહસ કરું છું તેથી મને ખાતરી છે કે હું તે ભાષાંતરની કિંમત જરાય ઘટાડતો નથી. મારા પોતાના ભાષાંતરને પણ હું છેવટનું માનવા તત્પર નથી. હજુ ઘણાય ધૂંધળા કે સંદિગ્ધ ફકરાઓ છે.

જોકે મને પ્રત્યક્ષ રીતે હસ્તલિખિત ગ્રન્થો ઉપલબ્ધ ન થયા; પરંતુ ગ્રંથની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવા માટે મને પૂરતી સામગ્રી ઉપલબ્ધ હતી :

(૧) ટી૦ = શીલાંકની ટીકાવાળી પંન્યાસ શ્રીચન્દ્રસાગરગણિસંપાદિત આવૃત્તિ, શ્રી ગોડી પાર્શ્વ જૈન ગ્રન્થમાળા નં૦ ૪, મુંબઈ ૧૯૫૦.

આ ગ્રંથમાં પાદટીપમાં સંપાદક નીચેના ગ્રન્થોમાંથી પાઠાન્તરો આપે છે :

સા૦ = સાગરચન્દ્રસૂરિની ઉપરના ગ્રંથની પહેલી આવૃત્તિ.

અ૦ = શાંતિનાથ ભંડાર, ખંભાતની સં૦ ૧૩૪૯ની ભૂર્જપત્ર પોથી (વિજયકુમુદસૂરિજીનું સૂચિપત્ર, પૃ૦ ૧૪, ડાબડો ૬૨) અને—

ક૦ = એ જ ભંડારની કાગળ પર લખેલી પોથી (સૂચિપત્ર પૃ૦ ૪૪, ડાબડો ૨).

(૨) વૈ૦ = सूयगडं...નિર્યુક્તિ ટીકા, ભિન્નભિન્ન પાઠાંતરો, ટિપ્પણ અને પરિશિષ્ટો સહિત સર્વપ્રથમ સમીક્ષિત આવૃત્તિ : ડૉ૦ પી૦ એલ૦ વૈદ્ય (એકલા !) સંપાદિત. ભાગ ૧ (ગ્રન્થ અને નિર્યુક્તિ), પૂના. ૧૯૨૮.

(૩) હૈ૦ = (હિંદી અનુવાદવાળી) સ્થાનકવાસી ગ્રંથની હૈદરાબાદની આવૃત્તિનો બીજો ભાગ. પ્રસિદ્ધકર્તા : દક્ષિણ હૈદરાબાદનિવાસી રાજાબહાદુર લાલા સુખદેવસહાયજી જ્વાલાપ્રસાદજી જૌહરી (વર્ષ આપ્યું નથી).

(૪) ચૂ૦ = જિનદાસગણિની સૂત્રકૃતાંગચૂર્ણિ. પ્રકાશક : શ્રી ઋષભદેવજી કેસરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, ૧૯૫૦.

પુફ્ફભિખ્ખુ સંપાદિત નવી સ્થાનકવાસી આવૃત્તિ(સુત્તાગમે પ્રથમ ગ્રન્થ, ગુરગાંવ, ૧૯૫૩)ની પણ મેં તુલના કરેલી. પણ તેમ કરતાં મને લાગ્યું કે ૧.૪નો પાઠ વૈ૦ ને મળતો જ છે. બંનેમાં ફેર એટલો છે કે તેમાં ૨.૮ તૃતીય પાદમાં વૈ૦ના मुहमिंजाए ને બદલે ०मिंजाए અને ૨.૧૮ તૃતીય પાદમાં વૈ૦ના व से न वा ને બદલે वा से न वा એવાં પાઠાન્તરો છે.

ટી૦ વૈ૦ અને હૈ૦ વલ્ગેટ (પ્રચલિત પાઠ) રજૂ કરે છે. આ ગ્રંથોમાં ખરા ફેરફારો, સાચાં પાઠાંતરો માત્ર જૂજ છે. અ૦ અને ક૦ ખાસ કરીને અ૦માં કેટલીક જગાએ ખરેખર વધુ સારા પાઠાન્તરો મળે છે—ખાસ કરીને છન્દની દૃષ્ટિએ કરવા પડતા સુધારાઓને તે કંઈક અંશે સમર્થન આપે છે. ચૂ૦ની બાબતમાં પણ એ જ પરિસ્થિતિ છે. છતાં એમાં છન્દને વ્યવસ્થિત, સરળ કે પુનઃ સ્થાપિત કરવા માટેના કેટલાક સ્પષ્ટ પ્રયત્નો તરી આવે છે. એને લીધે ચૂ૦ના પાઠાંતરોને દુર્બોધ પાઠાન્તરો (lectio-difficilior) નો સિદ્ધાન્ત કડક રીતે લાગુ પાડવો જ રહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂ૦ દરેક પાદ કે દરેક શબ્દ ઉદ્ધૃત નથી કરતી તે ધ્યાનમાં રાખવા જેવું છે. આનો અર્થ એ છે કે જ્યાં સમીક્ષિત સામગ્રીમાં ચૂ૦નો પાઠ ન આપ્યો હોય ત્યાં ચૂ૦નો પાઠ સમીક્ષિત ગ્રંથ સાથે સંમત છે એમ માનવાને કારણ નથી. અ૦ અને ઈ૦ ની બાબત પણ સરખી છે. સંપાદક કેટલી ચોકસાઈથી **બધાં** પાઠાન્તરો નોંધે છે તે આપણે જાણતા નથી. આ સંજોગોમાં ચૂ૦, અ૦, કે ઈ૦ એમાંના એક કે એકથી વધારેના પાઠોને ટી૦ વૈ૦ અને હે૦થી વિરુદ્ધ જઈને હું સ્વીકારું છું ત્યારે હું કૌંસમાં તેમના પાઠો સ્પષ્ટ બતાવું છું, જેથી ખાતરી થાય કે મારો ગ્રન્થ મારી અટકળો પર નહિ પરંતુ તે તે પાઠને આધારે નક્કી કરેલો છે.

પ્રાચીન આર્યાના મુખ્ય લક્ષણો આ પ્રમાણે છે :

(૧) (પશ્ચાત્કાલીન ગીતિની માફક) શ્લોકનાં બે અડધિયાં સરખાં છે; એટલે કે ઉત્તરાર્ધના છઠ્ઠા ગણનું હ્રસ્વીકરણ તેમાં નથી.

(૨) યતિ ત્રીજા ગણ પછીથી આવતી નથી પણ (પશ્ચાત્કાલીન આર્યાની ભાષામાં કહીએ તો) તે ચોથા ગણની મધ્યમાં આવે છે. વધુ ચોક્કસ રીતે કહીએ તો ત્રીજા ગણ પછી હ્રસ્વ કે દીર્ઘ એવો અન્ત્યવર્ણ આવે છે, જે યાકોબીની સાચી નોંધ પ્રમાણે, બતાવે છે કે આપણે ખરા પાદના અન્તભાગની ચર્ચા કરીએ છીએ. યતિ પછી પાંચમા ગણની પહેલાં, જેને આપણે સમપાદ કહીએ છીએ તે શરૂ થાય છે. તેની શરૂઆતમાં દીર્ઘવર્ણ હોય છે. અપવાદ તરીકે કોઈક વાર ⏑⏑ અથવા –⏑ જ્યારે કોઈક વખત આખો (ચોથો) ગણ પણ આવે છે.[૬] જો વિષમપાદને અન્તે – હોય **અને** સમપાદની શરૂઆતમાં ⏑⏑ હોય અથવા વિષમપાદના અન્તે જો ⏑ હોય **અને** સમપાદના આરંભમાં –⏑ હોય તો યતિથી વિભક્ત થયેલો ચોથો ગણ આપોઆપ આવી જાય છે. યતિને ખસેડીને આ બે પાદોને એકબીજા સાથે જોડવાથી અર્વાચીન આર્યા કેવી રીતે ઉદ્ભવે છે તે ઉપરની હકીકત બતાવે છે.

બીજો ગણ હંમેશાં જ ગણ હોય છે. ઘણી જગ્યાએ ત્રીજો ગણ –– નો બનેલો છે. વારંવાર બને છે તે પ્રમાણે જો પહેલો ગણ પણ –– નો બનેલો હોય તો વિષમપાદ અનુષ્ટુભનો નિયત શાસ્ત્રીય સમપાદ (–– –⏑––⏑) બની જાય છે. કવિઓ આ તાદાત્મ્ય જોવામાં નિષ્ફળ ન નીવડ્યા. પરિણામે શ્લોકની દૃષ્ટિએ નિયમિત, પણ આર્યાની દૃષ્ટિએ ખામીવાળો એવો સમપાદ તેમણે કોઈ કોઈ પ્રસંગે બનાવ્યો છે. આપણા ગ્રન્થમાં ૧.૨^c અને ૨.૪^c માં પહેલો ગણ –– ને બદલે ⏑– નો બનેલો છે. ૧.૩૧^c અને ૨.૧૪^c માં બીજો ગણ ⏑–⏑ ને બદલે ⏑⏑⏑ નો બનેલો છે. આ બન્ને સ્થળોએ જો અનુષ્ટુભનો સમપાદ સમજીએ તો એ પાદ શાસ્ત્રીય રીતે શુદ્ધ લાગે છે.

યાકોબીએ બતાવ્યું છે કે પાંચમા ગણ પહેલાની શરૂઆતની માત્રાઓ છોડી દઈએ તો સમપાદ વિષમપાદના જેવો જ થાય છે. કોઈ કોઈ વખતે, જોકે ભાગ્યે જ, વિષમપાદ સમપાદના જેવો બનાવી દેવાય છે. આપણા ગ્રન્થમાં આવા બે સ્થળો છે: ૧.૨૬^c (⏑⏑/––/⏑–⏑....) અને ૨.૯^a (–/––/⏑–⏑ ...). આનાથી ઊલટું ૧.૧૩^{b}માં મળે છે. એમાં સમપાદની શરૂઆતની માત્રાઓ ખૂટે છે.

---

૬ આપણા ગ્રન્થના ૧૦૬ સમપાદોના ચોક્કસ આંકડાઓ નીચે પ્રમાણે છે: ૬૫, ⏑⏑ ૧૫, –⏑ ૧૬, –– ૮, ૧.૩^{b}માં ⏑–⏑ અને ૧.૧૩^{b}માં અનુપલબ્ધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ અને વિષમપાદનું માની લીધેલું એકસરખાપણું કોઈપિણ રીતે તદ્દન સંપૂર્ણ નથી કારણકે બન્નેમાં બીજા ગણની રજૂઆતમાં નોંધપાત્ર તફાવત છે. બન્ને પાદોમાં એનું મૂળ સ્વરૂપ ⏑ – ⏑ એ પ્રમાણે છે.

તદુપરાંત વિષમપાદમાં આપણને અનેકવાર ⏑ ⏑ – અને બે વખત – – મળે છે. અને સમપાદમાં ક્યારે ય ⏑ ⏑ – નથી મળતાં પણ સાત વખત ⏑ · ⏑ ⏑ ⏑ એટલે કે પહેલા ગણ પછી યતિવાળો ન ગણ જે જ ગણનો નિયત પર્યાય છે તે મળે છે. આપણા ૧૦૬ વિષમ અને ૧૦૬ સમપાદના સંપૂર્ણ આંકડાઓ નીચે પ્રમાણે છે.

વિષમ		સમ
⏑ – ⏑	૮૯	૯૭
⏑ ⏑ –	૧૨	૧ (૨·૪^b)
– –	૨	—
⏑ · ⏑ ⏑ ⏑	૧	૭
અનિયમિત	૨ (⏑ ⏑ ⏑, જુઓ ઉપર)	૧ (૨·૧૬^b)

પશ્ચાત્કાલીન આર્યાના બીજા અને છઠ્ઠા ગણમાં જે ભેદ રહ્યો છે તે જ પ્રમાણેનો ભેદ ઉપર બતાવેલા સ્થળોમાં છે, કારણકે પ્રાચીન આર્યાના બીજા અને છઠ્ઠા ગણો અને પશ્ચાત્કાલીન આર્યાના બીજા અને છઠ્ઠા ગણો એક સરખા છે.

બાકીના બધા (૧, ૩, ૫, ૭) ગણોમાં – – વધુ માનીતા છે. કોઈ કોઈવાર તેને બદલે ⏑ ⏑ – વપરાયા છે. બાકીના સ્વરૂપો કાં તો સ્વીકારાયાં નથી અથવા એટલાં ઓછાં છે કે ગ્રન્થની શુદ્ધતા માટે શંકા ઉત્પન્ન કરતાં નથી.

	પહેલો ગણ	ત્રીજો ગણ	પાંચમો ગણ	સાતમો ગણ
– –	૬૩	૭૩	૬૪	૮૨
⏑ ⏑ –	૩૯	૩૦	૩૬	૨૦
– ⏑ ⏑	૧	૩	૧	૧
⏑ ⏑ ⏑ ⏑	૧	—	૨	—
અનિયમિત	૨	—	૩	૩

જે ઘણી ઓછી અને સાચી અનિયમિતતાઓ મળે છે તેમાંની કેટલીક તો ચોક્કસ ગ્રન્થના પાઠોની ભ્રષ્ટતાને લીધે છે. ૧·૪^d; ૧·૬^d અને ૨·૩^{d}માં ૫મો ગણ ખામીવાળો (– ⏑) છે; પહેલા બે સ્થળોમાં पासाणि ને पासाणी એમ કદાચ વાંચવું જોઈએ. ૧·૩^d ખરેખર ભ્રષ્ટ છે. (જુઓ ટિપ્પણ). ૧·૭^{d}ના અન્તે ⏑ – ⏑ / ⏑ – ⏑ (....कहाही) આવે છે. ૨·૪^{b}માં છઠ્ઠો ગણ ⏑ ⏑ – છે, જે ઘણો જ શંકાસ્પદ છે. અને ૨·૧૬^b તદ્દન નિયમિત છે જ્યારે ગ્રન્થની શુદ્ધિ શંકાને પાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्रन्थ

(१)

जे मायरं च पियरं च; विप्पजहाइ पुव्वसंजोगं ।
"एगे॑ सहिए चरिस्सामि; आरयमेहुणो विवित्तेसी" ॥ १ ॥
सुहुमेणँ तं परक्कम्म; छन्नपएण इत्थिओ मंदा ।
उवायँ ताओ॑ जाणिँसु; जह लिस्संति भिक्खुणो एगे ॥ २ ॥
पासे भिसं निसीयंति; अभिक्खणं पोसवत्थँ परिहिंति ।
कायं अहे वि दंसंति; बाहुमुद्धट्टु कक्खम् अणुव्वए ॥ ३ ॥
सयणाऽऽसणेहि॑ जोगेहि॑; इत्थिओ एगया निमंतेंति ।
एयाणि चेव से जाणे; पासाणि विरूव-रूवाणि ॥ ४ ॥
नो तासु चक्खु संधेज्जा; नो वि य साहसं समभिजाणे ।
नो सद्धियं पि विहरेज्जा; एवमप्पा सुरक्खिओ होइ ॥ ५ ॥
आमन्तिय–उस्सविय वा; भिक्खुं आयसा निमंतेंति ।
एयाणि चेव से जाणे; सद्दाणि विरूव-रूवाणि ॥ ६ ॥
मणबंधणेहि॑ णेगेहि॑; कलुणविणीयम् उवगसित्ताणं ।
अदु मंजुलाइँ भासंति; आणवयंति भिन्न-कहाहि॑ ॥ ७ ॥
सीहं जहा व कुणिमेणँ; निब्भयम् एगचरं ति पासेणँ ।
एव्-इत्थियाओ बंधंति; संवुडं एगईयम् अणगारं ॥ ८ ॥

ભાષાંતર

"જેને માટે મૈથુન બંધ થયું છે એવો અને એકાંતની ઇચ્છાવાળો હું એકલો, સિદ્ધ (થઈને) ફરીશ" (એમ વિચાર કરીને) જે માતા, પિતા અને પૂર્વ(કુટુંબ)ના સંબંધોને છોડી દે છે, એવા—(સાધુ)ની પાસે મીઠાબોલી સ્ત્રીઓ કપટપૂર્ણ અને ચોરપગલે આવે છે. તેઓ (એવા) ઉપાયને જાણે છે જેથી કેટલાક સાધુઓ લપસી જાય. (૧–૨)

તેઓ એકદમ પાસે (અડોઅડ) બેસે છે; વારંવાર પુરુષોનાં વસ્ત્રો પહેરે છે; શરીરનો નીચેનો ભાગ બતાવે છે અને હાથ ઊંચો કરતાં બગલ... (૩)

કોઈકવાર સ્ત્રીઓ તેને શયન—આસનરૂપી યુક્તિઓ દ્વારા આમંત્રે છે. તેણે (સાધુએ) આ બધાને ગંદા (ભયંકર) પ્રકારના પાશ સમજવા. (૪)

એણે તે(સ્ત્રીઓ)માં નજર જોડવી નહિ, અને તેમના સાહસમાં સંમતિ પણ આપવી નહિ; તેમની સાથે ફરવું પણ નહિ. આમ કરવાથી એ(સાધુ)ની જાત સુરક્ષિત રહેશે. (૫)

આમંત્રણ આપીને કે ખુશામત કરીને તેઓ ભિક્ષુને પોતાની જાત સોંપે છે. આ (આમંત્રણ કે ખુશામતના) શબ્દોને તેણે ગંદા (ભયંકર) પાશ સમજવા. (૬)

અથવા મનને બાંધનારા અનેક ઉપાયો દ્વારા દયામણી અને વિનયપૂર્ણ રીતે (તેમની) પાસે જઈને મીઠાં (વચનો) બોલે છે (અને) જાતજાતની વાતચીતોથી એને પોતાને વશ થવા આજ્ઞા કરે છે. (૭)

અને પછી રથકાર જેમ નેમિને (નમાવે છે) તેમ તેઓ તેને ધીમે ધીમે નમાવે છે. પાશથી બંધાયેલા હરણની માફક તે (છૂટવા) ફાંફાં મારે છે પણ તેમાંથી છૂટતો નથી. (૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह तत्थ पुणो नमयंती; रहकारो व नेमिम् अणुपुव्वं ।
बद्धे मिए व पासेणँ; फंदंते न मुच्चए ताहे ॥ ९ ॥

अह सेऽणुतप्पई पच्छा; भोच्चा पायसं व विस-मिस्सं ।
एवं विवेगम् आदाय; संवासो न कप्पए दविए ॥ १० ॥

तम्हा उ वज्जए इत्थी; विस–लित्तं व कंटकं नच्चा ।
ओए कुलाण वस-वत्ती–; आघाए न से वि निग्गंथे ॥ ११ ॥

जे एयम् उंछम् अणु गिद्धा; अन्नयरा हु ते कुसीलाणं ।
सुतवस्सिए वि से भिक्खू; नो विहरेज्ज सहणम् इत्थीसु ॥ १२ ॥

अवि धूयराहि सुण्हाहिँ; धाइहिँ अदुव दासीहिँ ।
महईहि वा कुमारीहिँ; संथवँ से न कुज्ज अणगारे ॥ १३ ॥

अदु नाइणं च सुहिणं वा; अप्पियं दट्ठु एगया होइ ।
"गिद्धा, सत्ता कामेहिँ!; रक्खण-पोसणे मणुस्सोऽसि!" ॥ १४ ॥

समणं पि दट्ठु-उदासीणं; तत्थ वि ताव एगे कुप्पंति ।
अदु भोयणेहिँ नत्थेहिँ; इत्थी-दोस-संकिणो होन्ति ॥ १५ ॥

અથવા નિર્ભય અને એકલા ફરનાર સિંહને જેમ મરેલા પશુવડે (લોકો બાંધે છે) તેમ સ્ત્રીઓ સંયમી અને એકલા ફરનાર સાધુને પાશવડે બાંધે છે. (૮)

પછી વિષમિશ્રિત દૂધપાક ખાઈ ને (જેમ કોઈ પસ્તાય) તેમ તે પાછળથી પસ્તાય છે. એ રીતે એકાંત સ્વીકારીને સાધુને (!) માટે (કુટુંબ) સાથેનો વાસ યોગ્ય નથી. (૧૦)

તેથી (સ્ત્રીઓને) વિષથી ખરડાયેલા કાંટા જેવી જાણીને (તેમનો) ત્યાગ કરવો જોઈએ. જે ઓજસ્વી છતાં કુટુંબને વશવર્તી રહેનાર છે તે પણ નિર્ગ્રંથ કહેવાતો નથી. (૧૧)

જેઓ આવી ભિક્ષાના લોભી હોય છે તેઓ કુશીલો (ખરાબ ચારિત્ર્યવાળા) પૈકીના જ કેટલાક છે. ઉત્તમ તપ કરનારા ભિક્ષુએ પણ સ્ત્રીઓની સાથે ફરવું નહિ. (૧૨)

અનાગાર (ઘરરહિત) સાધુએ (પોતાની) પુત્રીઓ કે પુત્રવધૂઓ, ધાત્રીઓ કે દાસીઓ, મોટી ઉંમરની કે કુંવારીઓ સાથે પરિચય ન કરવો. (૧૩)

(સાધુને સ્ત્રીઓ સાથે ભળતો જોઈને) સગાંવહાલાં તથા મિત્રોને પણ કોઈકવાર માઠું લાગે છે* (અને કહે છે કે–) હે લોભી, વાસનાઓમાં આસક્ત! તું ય (સામાન્ય) માણસ છે—જો તું (સ્ત્રીઓનું) રક્ષણ અને પોષણ કરે તો. (૧૪)

ઉદાસીન શ્રમણને પણ જોઈને કેટલાક તેના પર ગુસ્સે થાય છે. અથવા (સાધુને) ભોજન આપતી વખતે (પોતાની) સ્ત્રીઓમાં (ચારિત્ર્ય) દોષની શંકા કરે છે. (૧૫)

* 'અને ન ગમતું જોઈને સગાંવહાલાં કે મિત્રોને પણ એકાદ વખત (મનમાં વિચાર) થઈ આવે છે.'—આ પ્રમાણે અર્થ વધુ સુસંગત લાગે છે.

— અનુવાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"कुव्वंति संथवं ताहिँ; पब्भट्ठा समाहि-जोगेहिँ ।"
तम्हा समणा न समेंति; आय-हियाएँ संनिसेज्जाओ ॥ १६ ॥

बहवे गिहाइँ अवहट्टु; मिस्सीभावं पत्थुया एगे ।
धुव-मग्गम् एव पवयंति–; वाया वीरियं कुसीलाणं ! ॥ १७ ॥

सुद्धं रवई परिसाए; अह रहस्सम्मि दुक्कडं करेइ ।
जाणंति णं तहावि विया; "माइल्ले महासढेऽयं" ति ॥ १८ ॥

सयँ दुक्कडं च नो वयइ; आइट्ठो वि पकत्थई बाले ।
"वेयाऽणुवीइ मा कासी"; चोइज्जंतो गिलाइ से भुज्जो ॥ १९ ॥

उसिया वि इत्थि-पोसेसु; पुरिसा इत्थि-वेय-खेदन्ना ।
पण्णा-समन्निया व्-एगे; नारीणं वसं वसं उवकसंति ॥ २० ॥

अवि हत्थ-पाद-छेज्जाइँ; अदुवा वद्ध-मंस-उक्कंते ।
अवि तेयसाऽभितवणाइँ; तच्छिय खार-सिंचणाइं च ॥ २१ ॥

अदु कण्ण-नास-छेज्जाइँ; कंठ-च्छेदणं तितिक्खंति ।
इइ एत्थ पाव-संतत्ता; न य बेंति "पुणो न काहं" ति ॥ २२ ॥

"સમાધિયોગથી ભ્રષ્ટ થઈને તેઓ તે(સ્ત્રી)ઓ સાથે પરિચય કરે છે" તેથી શ્રમણો પોતાના ભલા માટે સ્ત્રીઓ સાથે એક આસન પર બેસતા નથી. (૧૬)

ઘણા ઘરોમાં જાય છે (?), કેટલાક મૈથુનનું સેવન કરે છે (અને છતાં) ધ્રુવમાર્ગની વાતો કરે છે. વાતો કરવી એ ખરાબ ચારિત્ર્યવાળાઓનું જોર છે*. (૧૭)

પરિષદોમાં પવિત્ર (શબ્દોની) ગર્જના કરે છે, જ્યારે એકાંતમાં દુષ્કૃત્યો કરે છે. છતાં ય ડાહ્યા માણસો એને ઓળખી કાઢે છે કે, "આ ધુતારો અને મહાન શઠ છે" (૧૮)

અને જાતે (પોતાનું) દુષ્કૃત્ય કહેતો નથી અને જ્યારે એને બતાવવામાં આવે છે ત્યારે એ નાદાન બણગાં ફૂંકે છે, અને જ્યારે એને શિખામણ આપવામાં આવે છે કે "સ્ત્રી-વેદનો વિચાર કર અને એમ ન કરીશ" ત્યારે ખૂબ ગ્લાનિ પામે છે. (૧૯)

સ્ત્રીઓનું પોષણ કરવાના અનુભવવાળા અને જેઓ સ્ત્રીવેદને સારી રીતે જાણે છે તેવા પુરુષો પણ—અને પ્રજ્ઞાયુક્ત પણ કેટલાક (લોકો) સ્ત્રીઓને વશ થઈ જાય છે. (૨૦)

હાથપગનું કાપી નાખવું, અથવા ચામડી કે માંસ ઊતરડી નાખવું, અગ્નિમાં તપાવવું અને ઘામાં ક્ષારનું સિંચવું. (૨૧)

અથવા કાન અને નાકનું કાપવું, ગળું કાપવું—આ બધું (સ્ત્રીઓ) સહન કરે છે છતાં—અહીં (આ લોકમાં) પાપથી દુ:ખી થવા છતાં—"હું ફરી નહિ કરું" એ પ્રમાણે તેઓ કહેતી નથી. (૨૨)

* વધારે સારો અર્થ :
ખરાબ ચારિત્ર્યવાળાઓનું જોર વાણીમાં હોય છે. (સરખાવો : वाचि वीर्यं द्विजानाम् ।)

— અનુવાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं पि ता वदित्ताणं; अदुवा कम्मुणा अवकरेंति ।
सुयम् एयम् एवम् एगेसिं; इत्थी-वेदे वि हु सुयक्खायं ॥ २३ ॥

अन्नं मणेण चिंतेंति; वाया अन्नं च, कम्मुणा अन्नं ।
तम्हा न सद्दहे भिक्खू; बहु-मायाओ इत्थिओ नच्चा ॥ २४ ॥

जुवई समणं बूया वि :; "चित्त-अलंकारगाणि परिहित्ता ।
विरया चरिस्स्-अहं लूहं; धम्मम् आइक्ख णे, भयंतारो" ॥ २५ ॥

अदु साविया-पवाएणँ :; "अंसि साहम्मिणी य समणाणं ।"
जउ-कुंभे जहा उवज्जोई संवासे विदू वि सीएज्जा ॥ २६ ॥

जउ-कुंभे जोइ–उवगूढे; आसुऽभितत्ते नासम् उवयाइ ।
एव्-इत्थियाहिँ अणगारा; संवासेण नासम् उवयंति ॥ २७ ॥

कुव्वंति पावगं कम्मं; पुट्ठा व्-एगे एवम् आहंसु– ।
नोऽहं करेमि पावं ति; "अंके–साइणी मम्-एस" त्ति ॥ २८ ॥

बालस्स मंदयं बिइयं; जम् अवकडं अवजाणई भुज्जो ।
दुगुणं करेइ से पावं; पूयण–कामए विस्-अन्नेसी ॥ २९ ॥

संलोकणिज्जम् अणगारं; आय-गयं निमंतणेणाऽऽहु ।
"वत्थं व, ताय ! पायं वा; अन्नं पाणगं पडिग्गाहे !" ॥ ३० ॥

અથવા (કદાચ) તેમ કહીને પણ કાર્ય દ્વારા પાપનું આચરણ કરશે. સ્ત્રીવેદમાં જે ખરેખર કહેવાયું છે તે આ પ્રમાણે કેટલાકે સાંભળ્યું છે. (૨૩)

(સ્ત્રીઓ) મનથી એકનો, વાણીથી અન્યનો, તો વળી કર્મથી અન્યનો વિચાર કરે છે; માટે સ્ત્રીઓને બહુ કપટવાળી જાણીને ભિક્ષુએ એમનો વિશ્વાસ કરવો નહિ. (૨૪)

યુવતી શ્રમણને (એમ પણ) કહે કે : "જાતજાતના અલંકારોનો ત્યાગ કરીને હું સંસારનો ત્યાગ કરીશ અને તપનું આચરણ કરીશ, હે ભદંત, મને ધર્મનો ઉપદેશ આપો" (૨૫)

અથવા શ્રાવિકાના બહાના નીચે "હું શ્રમણોની સહધર્મચારિણી (સાથે ધર્મનું આચરણ કરનારી) છું (એમ કહેશે). (સ્ત્રીઓ) સાથે રહેવાથી વિદ્વાન સાધુ પણ અગ્નિ પાસે રાખવામાં આવેલ લાખના ઘડાની માફક નાશ પામશે. (૨૬)

અગ્નિથી ઘેરાયેલો અને તપેલો લાખનો ઘડો જલદીથી નાશ પામે છે તેમ અનગારો (સાધુઓ) સ્ત્રીઓ સાથે રહેવાથી નાશ પામે છે. (૨૭)

કેટલાક (સ્ત્રીઓ સાથે) પાપ કર્મ કરે છે અને પૂછવામાં આવે ત્યારે આ પ્રમાણે કહે છે : "હું પાપ કરતો નથી, આ તો મારા ખોળામાં સૂતી છે" (૨૮)

નાદાનની મૂર્ખાઈ એ છે કે એ પોતાના દુષ્કૃત્યને વારંવાર નકારે છે. આ રીતે બેવડું પાપ કરે છે. માનની કામનાવાળો છે અને અશુદ્ધિને ઇચ્છે છે. (૨૯)

દેખાવડા સાધુને જોઈને પોતાની જાતને અર્પતાં (કેટલીક સ્ત્રીઓ) કહેશે : "હે તાત, વસ્ત્ર કે પાત્ર કે અન્ન અથવા પીણાનું ગ્રહણ કરો. (૩૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नीवारम् एव भुञ्जेज्जा;   नो इच्छे अगारम् आगंतुं ।
बद्धे विसय-पासेहिँ;   मोहम् आवज्जई पुणो मंदे   ॥ ३१ ॥

(આ પ્રલોભનોને) તેણે માત્ર નીવાર (ડુક્કરોને લાલચમાં નાખવા નીવાર વપરાય છે) સમજવા*. ઘરમાં આવવાની ઇચ્છા કરવી નહિ, (કારણકે જો એ તેમ કરશે તો) વિષયોના પાશમાં બંધાયેલો તે નાદાન ફરીથી મોહમાં પડશે. (૩૧)

* "તેણે નીવાર જ ખાવા" (भुञ्जेज्जा = भुञ्जीत) એટલે કે જંગલમાં જ રહેવાનું પસંદ કરવું.

— અનુવાદક

(२)

ओए सया न रज्जेज्जा;   भोगकामी पुणो विरज्जेज्जा ।
भोगे समणाण सुणेह;   जह भुंजंति भिक्खुणो एगे   ॥ १ ॥

अह तं तु भेदम् आवन्नं;   मुच्छियं भिक्खुँ काम-म्-ऐवट्टम् ।
पलिभिंदियाणँ तो पच्छा;   पाद्-उद्धट्टु मुद्धि पहणंति   ॥ २ ॥

"जइ केसियाएँ माअएँ;   भिक्खू, नो विहरेज्ज सहणम् इत्थीए ।
केसाणि व्-अहं लुंचिस्सं;   न्-अन्नत्थ मए चरेज्जासि"   ॥ ३ ॥

अह णं सेँ होइ उवलद्धे;   तो पेसंति तहारूवेहिं ।
"अलाउ-च्छेदँ पाहेहि;   वग्गु-फलाइँ आहराहि" त्ति   ॥ ४ ॥

"दारूणि साग-पागाए;   पज्जोओ वा भविस्सई राओ ।
पायाणि मे रयावेहि;   एहि य ता, मे पिट्ठम् उम्मद्दे   ॥ ५ ॥

ભાષાંતર

મક્કમ (સાધુએ) ક્યારેય પ્રેમમાં પડવું નહિ; જો એને (વિષય) ભોગની કામના થાય તો એણે ફરીથી વૈરાગ્ય કેળવવો. શ્રમણોના ભોગો સાંભળો જેથી (સમજાય કે) કેટલાક સાધુઓ કેવી રીતે ભોગો ભોગવે છે. (૧)

વાસનાથી ઘેરાયેલો કોઈ મૂર્ખ સાધુ જ્યારે (નિયમ) ભંગ કરે છે ત્યારે સ્ત્રી એને પછી ટપકો આપે છે અને પગ ઊંચકીને માથા પર લાત મારે છે. (૨)

"જો (માથે) વાળ હોવાને કારણે મુજ સ્ત્રી સાથે તું નહિ રહે તો હું મારા વાળનો લોચ કરીશ; પણ મારા સિવાય બીજે ક્યાંય તું રહી શકીશ નહિ." (૩)

પછી જ્યારે એ હાથમાં આવી જાય છે ત્યારે એને નીચે પ્રમાણે કામે મોકલે છે :

"તુમડું કોચવાનો (સોયો) લઈ આવ; સુંદર ફળો આણી આપ." (૪)

"શાકભાજી રાંધવા માટે અથવા રાત્રે પ્રકાશ માટે લાકડાં લઈ આવ; મારા પગ રંગી આપ. આવ જરા મારો બરડો ચોળી આપ." (૫)

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

वत्थाणि मे॑ पडिलेहेहि; अन्नं पाणं च आहराहि" त्ति ।
"गंधं च रओहरणं च; कासवगं च समणुजाणाहि" ॥ ६ ॥

अदु "अंजणिं अलंकारं; कुक्कययं च मे पयच्छाहि ।
लोद्धं च लोद्ध-कुसुमं च; वेणु-पलासियं च गुलियं च ॥ ७ ॥

कुट्ठं तगरं अगरुं च; संपिट्ठं समं उसीरेणँ ।
तेल्लं मुहाऽभिलिंगाय; वेणु-फलाइँ सन्निधाणाए ॥ ८ ॥

नंदीचुण्णगाइँ पहराहि; छत्तोवाणहं च जाणाहि ।
सत्थं च सूव-छेज्जाए; आणीलं वत्थयं रयावेहि ॥ ९ ॥

सुफणिं च साग-पागाए; आमलगाइँ उदगहरणं च ।
तिल-करणिम्, अंजन-सलागं; घिंसु-विहूणयं विजाणेहि ॥ १० ॥

संदासगं च फणिहं च; सीहलि-पासगं च आणाहि ।
आदंसगं पयच्छाहि; दंत-पक्खालणं पवेसाहि ॥ ११ ॥

पूगाफल-तंबोलं च; सूई-सुत्तगं च जाणाहि ।
कोसं च मोय-मेहाए; सुप्प्-उक्खलगं च खारगलणं च ॥ १२ ॥

"મારાં વસ્ત્રોની કાળજી રાખ; ખોરાક અને પાણી, સુગંધિ દ્રવ્યો અને (સાફસફી માટે) પીંછી લાવી આપ; અને મને હજામ પાસે જવા દે." (૬)

અથવા "મને મેંશની ડબ્બી, અલંકારો, વીણા (?) (કંકાવટી ?) લોધ્રનો પાવડર અને લોધ્રફૂલ, વેણુપલાસિકા અને ગોળી લાવી આપ." (૭)

"કુષ્ઠ, તગર(-ભૂકી) અને વાળાની સાથે પીસેલું અગરુ, મોંઢે લગાડવા માટે તેલ, અને આ બધી (વસ્તુઓ) મૂકવા માટે વાંસનાં નાનાં ટેબલ લાવી આપ." (૮)

"મને ઓઠ રંગવાનો પાવડર, છત્રી, જોડા, અને શાક સમારવાની છરી લાવી આપ. મારાં વસ્ત્રોને ભૂરાં રંગી આપ." (૯)[1]

"શાકભાજી રાંધવાનું વાસણ, આમળાં, પાણી ભરવાનાં વાસણો, ચાંલ્લો કરવાની સળી, મેંશ આંજવાની સળી અને પંખો લાવી આપ." (૧૦)

"(વાળ ખેંચી કાઢવા માટે) ચીપીઓ[2], કાંસકો અને વાળ બાંધવાની રીબન લાવી આપ. અરીસો લાવ અને દાંત-ખોતરણી આણી આપ." (૧૧)

"સોપારી અને પાન તથા સોય-દોરો લાવી આપ. પેશાબ કરવાનું વાસણ, સુપડું અને ઊખળ અને ખારો ગાળવાનું વાસણ લાવી આપ." (૧૨)

૧ "ગળી કરી આપ" ગળી કરવાનો રિવાજ તે સમયે હશે ખરો ? —અનુવાદક

૨ રાંધવામાં વપરાતી 'સાણસી' એવો અર્થ પણ યોગ્ય લાગે છે. —અનુવાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वंदालगं च करगं च; वच्चघरं च, आउसो, खणाहि ।
सरपादगं च जायाए; गोरहगं च सामणेराए ॥ १३ ॥

घडिगं च स-डिंडिमयं च; चेल-गोलं कुमार-भूयाए ।
वासं समभियावन्नं; आवसहं च जाण भत्तं च ॥ १४ ॥

आसंदियं च नव-सुत्तं; पाउल्लाइँ संकम्-अट्ठाए ।"
अदु पुत्त-दोहल्-अत्थाए; आणप्पा हवंति दासा व ॥ १५ ॥

"जाए फले समुप्पन्ने; गेण्हसु वा णं अहवा जहाहि" ।
अह पुत्त-पोसिणो एगे; भार-वहा हवंति उट्टा व ॥ १६ ॥

राओ वि उट्ठिया संता; दारगं संठवंति धाई व ।
सुहिरीमणा वि ते संता; वत्थ-धोवा हवंति हंसा व ॥ १७ ॥

एवं बहूहिँ कय-पुव्वं; भोग्-अत्थाएँ जेऽभियावन्ना ।
दासे मिए व पेसे वा; पसु-भूए व से न वा केई ॥ १८ ॥

एयं खु तासु वेन्नप्पं; संवासं संथवं च वज्जेज्जा ।
तज्-जाइया इमे कामा; वज्ज-करा य एवम् अक्खाया ॥ १९ ॥

"(પૂજા માટે) તામ્રપાત્ર અને કરવડો લાવી આપ. મહેરબાન! દદૃણુ જાજરુ ખોદ. (આપણા) પુત્ર માટે ધનુષ અને નાનકડા શ્રમણુ માટે બળદગાડું લાવ." (૧૩)

"નાનકડી ડોલ, નગારું[3] અને ચીંથરાનો દડો આપણા કુંવરસાહેબ માટે લાવ. વર્ષાઋતુ આવી રહી છે; મકાનની અને અનાજની તપાસ કર." (૧૪)

"ખુરશીને નવી પાટી લગાડ[4], ચાલવા માટે પાવડીઓ લાવ." વળી પુત્ર (મેળવવા માટે) ગર્ભિણી સ્ત્રીના દોહદની પૂર્તિ માટે તેમને નોકરોની માફક હુકમ કરવામાં આવે છે : (૧૫)

"(આપણા જીવનના) ફળરૂપે પુત્ર ઉત્પન્ન થયો છે. હવે એનો સ્વીકાર કર, કે (મારી પાસે) છોડી દે." હવે કેટલાક પુત્રનું પોષણુ કરે છે. તેઓ ઊંટની માફક ભાર વહે છે. (૧૬)

રાત્રે પણુ ઊઠીને ધાઈની માફક છોકરાને ઊંઘાડે છે. ખૂબ શરમ આવવા છતાં તેઓ ધોબીની માફક લૂગડાં ધુએ છે. (૧૭)

ભોગ ભોગવતા જે ઉપાધિમાં પડ્યા છે એવા અનેકોએ ઉપર પ્રમાણે કર્યું છે. એવા લોકો ગુલામ જેવા, પશુ જેવા, નોકર જેવા, જાનવર જેવા કે પછી કંઈ જ નહિ એવા હોય છે. (૧૮)

આ રીતનું સ્ત્રીઓનું વૈતરું, સહવાસ અને પરિચય (એ બધાંનો) ત્યાગ કરવો જોઈએ. (કારણકે) એમ કહેવાય છે કે આ બધી વાસનાઓ એમનામાંથી ઉત્પન્ન થાય છે અને વર્ન્ય કર્મ કરાવે છે. (૧૯)

૩ ઘડિગ = વગાડવાની ઘડિયાળ, અને ડિંડિમ = એને વગાડવાનો દાંડીઓ (નાની મોગરી) એ અર્થ અભિપ્રેત લાગે છે. —અનુવાદક

૪ અક્ષરશ :—"નવી પાટીવાળી ખુરશી લાવ." —અનુવાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"एयं भयं, न सेयाय"; इइ से अप्पगं निरुंभित्ता ।
नो इत्थी, नो पसुं भिक्खू; नो सयँ पाणिणा निलिज्जेज्जा ॥ २० ॥

सुविसुद्ध-लेसे मेहावी; पर-किरियं च वज्जए णाणी ।
मणसा वयसा काएणँ; सव्व-फासे सहेज अणगारे ॥ २१ ॥

इच्चू-एवम् आहु से **वीरे**; धुय-राए धुय-मोहे से भिक्खू ।
तम्हा अज्झत्त-विसुद्धे; आमोक्खाए परिव्वएज्जासि, त्ति बेमि ॥ २२ ॥

"આ ભય છે અને એ કલ્યાણકારી નથી" એમ માનીને પોતાની જાતને કાબૂમાં રાખીને, સાધુએ સ્ત્રીને કે (સ્ત્રીજાતીય) પશુને કે પોતાની જાતને હાથથી અડકવું નહિ. (૨૦)

અત્યન્ત વિશુદ્ધ ચારિત્ર્યવાળા, બુદ્ધિમાન અને જ્ઞાની એવા એણે પારકાંના કામો વર્જ્ય કરવાં. અને મન, વચન અને કર્મથી બધા પાશો સહન કરવા. (૨૧)

જેણે રાગ અને મોહ છોડી દીધા છે એવા (મહા) વીર સાધુએ આ પ્રમાણે કહ્યું છે. તેથી તમે (પણ) મોક્ષ પ્રાપ્ત થતાં સુધી પવિત્ર આત્માવાળા થઈને ફરો. આ પ્રમાણે હું કહું છું. (૨૨)

Critical Apparatus—સમીક્ષા સામગ્રી (૧)

1b ०जहाय ટી०, વૈ०, હૈ०, (ચૂ० : 'विप्रधाय').
d विवित्तेसु ટી० (પાઠ ०त्तेसी) વૈ०, હૈ० (०त्तेसी અ० ઈ०).

2a परिक्कम्म ટી० (પણ ટીકા—पराक्रम्य) વૈ०, હૈ०
परिक्कम्मा ઈ०
b इत्थीओ હૈ०
c उव्वायं पि ताउ (મુદ્રણદોષ–ताड) जाणंसु : ટી०, વૈ०; उवायं पि ताउ जाणंसु : હૈ०; (जाणिंसु અ० ઈ०) जाणंति ता उवायं च : ચૂ० (ટી० **અને** વૈ०ના उव्वायं ! અને અનપેક્ષિત અદ્યતનરૂપ जाणिंसु એ બે પાઠોને છંદ **અને** વ્યાકરણની દૃષ્ટિએ વ્યવસ્થિત કરવાનો ચોક્ખો પ્રયત્ન)
d जहा : ટી०, વૈ०, હૈ०, ચૂ०

3c अधिविदंसेंति : ચૂ०
d बाहू उ° : ટી०, વૈ०, હૈ०
बाहु उ° : ચૂ० ; बाहुद्ध° : ઈ० (बाहुमु° : અ०).
अभुव्वजे : ટી०; अणुव्वजे : હૈ०

4b इत्थीओ : હૈ०; इत्थी ચૂ०
निमंतंति : ટી०, હૈ०, (°तेंति : ચૂ०).

5a तासि : ચૂ०
b (समनुजानीयात् : ચૂ०).
c सहियं : ટી०, વૈ०, હૈ०; सज्झियं : ચૂ० (सद्धियं : અ० ઈ०).
d अप्पा रक्खित्तु सेउ : ચૂ०

6a उरसविया भि° : ટી०, વૈ०, °य भि° : હૈ० (उरसवियं वा અ० ઈ०); ओसवियं वा અને ओसवियाणं : ચૂ०
b निमंतंति : ટી०, હૈ०, °तेति ચૂ०
c जाणि : ચૂ०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7d आणवायंति : હૈ૦ आमतितेनं : અ૦

8a जहा च : હૈ૦ एवंत्थियाउ : ઈ૦ एवंत्थियाओ : હૈ૦ एवित्थिया ચૂ૦ एगतियं : ટી૦, હૈ૦, एगइयं વૈ૦

9a नमयंति : હૈ૦, ચૂ૦
b णेमि आणुपुव्वीए : ટી૦, વૈ૦, णेमि अणुपुव्वी : અ૦, હૈ૦
c बद्धो : વૈ૦ फंदंते वि : ટી૦ વૈ૦, હૈ૦, मुच्चती : અ૦; ताहि : હૈ૦

10a °तप्पइ : ટી૦, હૈ૦ स णुतप्पती : ચૂ૦
c विवागम् अणिस्सा·········विवेग इति चेत् भवति·········एवं विवेगम् आतात : ચૂ૦; आयाय : વૈ૦
d न वि क° : ટી૦, વૈ૦, હૈ૦; न क° : અ૦ ઈ૦, संवासो न कल्पते : ચૂ૦

11b °लित्तं च : હૈ૦
c ओये : ચૂ૦; उए : હૈ૦; कुलाणि : ટી૦, વૈ૦, હૈ૦, ચૂ૦
d आघाते : ટી૦, હૈ૦, °ति : ચૂ૦

12a एयम् उंछं : ટી૦, વૈ૦, હૈ૦ एवम् इच्छं : ચૂ૦ अन्नयरा होंति कु° : વૈ૦ अन्नयरा हुंति कु° : ટી૦, હૈ૦ अण्णयरा उ ते कु° : ચૂ૦
d विहरे सह° : ટી૦, વૈ૦, હૈ૦

13a °राहिं : ચૂ૦
b धातीहिं : ટી૦, હૈ૦
c महतीहि : ટી૦, હૈ૦; महल्लीहिं : ચૂ૦
d से ने : અ૦, ઈ૦

14a णाईणं : હૈ૦; अउ नातीणं च सुहीणं च : ચૂ૦ सुहीणं वा : ટી૦, વૈ૦, હૈ૦
b एगता होति : ટી૦; होंति : હૈ૦

15a पि : અ૦માં નથી. ચૂ૦ પાઠ : उदासीणिं.
c अदुवा : ટી૦, વૈ૦, હૈ૦; अह वा : અ૦ (ચૂ૦ अदु भो°).
d °दोसं सं° : ટી૦, વૈ૦, હૈ૦ (दोससं° : ચૂ૦).

16cd ચૂ૦ ટી૦નો પાઠ : तम्हा समणा उ जहाहि अहिताओ सन्निसेज्जाओ.
d संनिसेज्जाए : અ૦ ઈ૦

17a गिहाणि ચૂ૦
b (पत्थुया एगे : અ૦, ઈ૦), पत्थुया य एगे : ટી૦, વૈ૦; पत्थुया (पणता) य एगे : હૈ૦; पण्णता : સા૦ पण्हया : ચૂ૦.
c एव भासिंसु: ચૂ૦

18a रवति: ટી૦, વૈ૦, ચૂ૦
b रहसम्मि: ટી૦, વૈ૦, હૈ૦, ચૂ૦; करेंति: ટી૦, વૈ૦, હૈ૦ कुणति: અ૦ करेंति અને करेइ त्ति: ચૂ૦
c तहाविहा : ટી૦, °विया : ઈ૦ હૈ૦; °विदा : અ૦; °विऊ : વૈ૦, °वेता ("तथा वेदा जानन्ति") : ચૂ૦. ટી૦, અ૦ અને ઈ૦ ટીકામાં 'तथाविदस्'ને બદલે 'तथावेदास्' પાઠ આપે છે.

19a न वयइ : વૈ૦; न वदति : ટી૦, હૈ૦; सय दुक्करं अवदते : ચૂ૦
b वि पक° : વૈ૦; वि पकत्थति: ટી૦, હૈ૦
c वेदानुवीयी : ચૂ૦

20a ओसिया : ટી૦, વૈ૦, હૈ૦ (उसिया : અ૦ ઈ૦) उसिता......पोसेहिं : ચૂ૦
b खेयन्ना : વૈ૦, હૈ૦
d उवणामिंति : ચૂ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

21a अदु हत्थ° चू० पायछेयाए : वे०; छेदाए : टी०; च्छेदाय : हे०
c अउ ते° : चू० °हितवणाइं : अ० °भितावणाणि : टी०, वे०, हे०
d भत्थिय खा° : हे०; °णाई य : वे०

22a °नासछेयं : वे०; °णासच्छेदं : टी०, हे०; °नासियाछेज्जं : अ०; णासच्छेज्जं : इ०
b तितिक्खंती : टी०; तिइक्खंती : वे०
c इति : टी०, चू०, हे०मां अभाव.
d न वेंति : वे०; काहिंति : टी०, वे०, हे०

23a एयं········वइत्ताणं : वे०
b अह पुण कम्मुणा : चू०
c सुयमेवं : चू० सुतम् एतम् एवम् : टी०, हे०
d वेदे ति हु : टी०, हे०; वेय त्ति हु : वे०; वेदे वि हु : अ०; वेदे वे हु : इ०

24a चिंतेति : टी०, हे०
b अन्नं वायाइ : अ०

25a बूया य : अ०; °याओ : इ०
b °कारवत्थगाणि : टी०, वे०, हे०
c रुक्खं : टी०, वे०, हे०; लूड : इ० मोणं : अ० (लूहं : चू०)

26a पवादेण : चू०
b अहम् अंसि : टी०, वे०, हे०
d विऊ वि : वे०

27d नासणम् उवेंति : अ०

28b आहिंसु : टी०, वे०, हे० (चू० : आहंस्युरिति)
c नाहं : चू०

29a बितियं : चू०; बीयं : टी०, वे०, हे०
b जं च कडं अ° : टी०, वे०, हे०
c °कामो : टी०, वे०, हे० (°कामए : अ० इ०).

30b °तणेणाहंसु टी०, वे०, हे०; आहंसु त्ति आहु : चू०
c वट्टं च ताइ : टी०, वे०; च ताय : हे०; च ताति पातं : चू०

31a एवं : टी०, वे०, हे० (एव : चू०).
b अगारम् आगंतुं इति अगारत्वं अथवा आगारम् आवत्तं : चू०; अगारम् अवाट्टं ति पाठांतरसंभवः : सा०
c विसयदामेहिं : चू०
d आवज्जाति······मंदो : चू० आगच्छती : अ०

(२)

1a चू०; सदा...°ज्ज;
b चू० : ज्ज;
c चू० : भोगे सण्णाण.

2a अ० : तं दु; वे० : भेयं;
b चू० : कामेसु अतिअट्टम्
c चू० : °दियाण;
d चू० : मुद्धणि पहणाति

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3a ટી०, વૈ०, હૈ० : केसिया णं मए भि० (ચૂ० : केसियाए मए भि°); અ०, ઈ० : केसिया मए
b ટી०, વૈ० હૈ० : विहरे (ચૂ० : °रेज्ज)
c ટી० : केसाणवि ह; વૈ०, હૈ० : केसाणवि हं; અ०, ઈ०; केसाणि वि हं; ચૂ०: केसे वि अहं; અ०, ઈ० : °चिसु.

4a હૈ० : स होइ; ટી० વૈ०, હૈ० °लद्धो (ચૂ० : °द्धे).
b ચૂ० : ततो णं देसेति; અ० : पेसेति; ઈ० : पंसंति
c ટી०, વૈ०, હૈ० : च्छेदं; વૈ० : च्छेयं; d ચૂ० : °फलाणि

5a ચૂ० : दारुगाणि अण्णपाणा या;
b ચૂ० : °स्सति
c ટી०, હૈ०, ચૂ० : पाताणि य मे; વૈ० : पायाणि य मे
d ટી०, વૈ०, હૈ० : एहि ता मे पिट्ठ ओमद्दे; ચૂ० : एहि अतो मे पट्ठिं उम्माहे (અ०, ઈ० : एहि य ता)

6a ટી०, વૈ०, ચૂ० : °णि य मे;
b ચૂ० : अण्णपाणं वा आहएहि, હૈ० : °णं आह;
c સા० : गंथं इति स्यात् पाठान्तरम्। ચૂ० : गंथं, गंधं બન્ને મળે છે; ચૂ० °रणं वा;
d ટી०, વૈ०, હૈ० : °वगं च मे स° (અ०,: ઈ० : मे કાઢી નાખે છે.)

7a ચૂ० : अउ;
b સા० : कुक्कुइयं; અ० : कुक्कुहयं; ઈ० : कुकुकयं; ચૂ० : कुकुहम; ટી०, વૈ०, હૈ०, ચૂ० : च કાઢી નાખે છે;
c હૈ० : लोद्दं च लोद्द°;
d ચૂ० : वेलु°.

8a ચૂ० : कोट्ठं ટી०, વૈ०, હૈ० : तगरं च अगरुं; અ०, ઈ०, तगरं च अगरुं च (ચૂ० : तगरं अगरुं च)
b ટી०, વૈ०, હૈ० : सम्मं उ°; અ० : सह उ° (ચૂ० : समं उ°)
c વૈ० : मुहभिंजाए; ટી० હૈ० : मुहभिंजाए; અ० : मुहभिलिंगाए ઈ० : मुहसिलिंगाए; સા० : मुहभिड्डलिजाए; ચૂ० : मुहभिलंगाय
d ચૂ० : वेलु°; વૈ० : संनिहाणाए

9a ટી०, વૈ०, હૈ०, ચૂ० : पाहराहि; અ० : पहि° (ઈ० : पह°)
c ટી०, વૈ०, હૈ० : °च्छेज्जाए; ચૂ० : च्छेद्दाए
d ટી०, વૈ०, હૈ० : आणीलं च व°

10a ચૂ० : सुफणितं सागपाताए અને सूवपाताए
b ટી०, વૈ०, હૈ० : दगहारणं, ચૂ० : दगहरणी અને दगधारणी
c ટી०, વૈ०, હૈ० : तिलगकर°; ચૂ० : तिलकरणिम् अंजनिं स°
d ટી०, વૈ०, હૈ० : धिंसु मे वि°, ચૂ० : विंसुरिति गिम्हासु मम……અ० : धिंसि.

11b અ० : आणाहि सांहलिपासगंच; ચૂ० : सेह° અને सीह°
c ચૂ० : आतंस°

12a ટી० હૈ० : पूयफलं तंबोलयं; વૈ० : पूग° °बोलयं; ટી०, વૈ०, હૈ० : च કાઢી નાખે છે (ચૂ० : पूयाफलतंबोलं च અને पूयाफलग्रहणात् …)
b ચૂ० : सूइं जाणाहि सुत्तगं;
d ટી०, વૈ०, હૈ० : खारगालणं (ચૂ० : °गलणं); અ० : गोरगलणोए

13a ટી०, વૈ०, હૈ०, ચૂ० : चंदा°; હું શુ०ના કલ્પિત પાઠને અનુસરું છું.
c ટી०, વૈ० : सरपायगं, હૈ० : सरपायं.

14a ચૂ० : घट्टिकम्मेहि° डिंडिमएणं;
c અ० : वासं समणाहिआव°; ચૂ० : वासं इमं समभिआ°
d ચૂ० : आवसहं जाणाहि भ°

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

15c ચૂ૦ : अउ; અ૦ : पुत्तस्स डोह°;
d ટી૦, વૈ૦, હૈ૦ : दासा वा.

16b ઈ૦ : वा ण (ચૂ૦ : एस ते गेण्हाहि व छड्डेहि व णं)
c ટી૦ હૈ૦ : अहं पु°;
d ચૂ૦ : भारवाहो भवति उड्ढो व.

17c ટી૦ વૈ૦ હૈ૦ : सुहिराम°; ચૂ૦ : सुहिरि° (અ૦ ઈ૦ : सुहिरी°)

18a હૈ૦ : कण्पु°; ચૂ૦ : कड्पु°
c ટી૦ હૈ૦ : मिइव (અ૦ ઈ૦ : मिए व), ચૂ૦ : परसे वा
d ટી૦ હૈ૦ : भूतेव; ચૂ૦ : भूता.

19a ટી૦ વૈ૦ હૈ૦ : एवं खु (પરંતુ ટી૦ની ટીકામાં एतत् અને અ૦ ઈ૦ : एयं !) ચૂ૦ : एवं અને एयं; ટી૦ વૈ૦ હૈ૦ : विन्नप्पं, ચૂ૦ : तासि वेनद्धं અને वेणप्पं
b ટી૦ વૈ૦ હૈ૦ : संथवं संवासं
c ટી૦ વૈ૦ હૈ૦ : अक्खाए (પણ ટી૦ની ટીકામાં आख्याताः; અ૦, ઈ૦ : अक्खाया).

20a ચૂ૦ : मयण्ण;
c હૈ૦ ચૂ૦ : इत्थि;
d ટી૦ : सय

21a ચૂ૦ : °लेस्से;
d ટી૦ વૈ૦ હૈ૦ : फासस्सहे अण°

22b ટી૦ धुअरए धुअ°; વૈ૦ : धुयरए; હૈ૦ धूअरए धूअ° અ૦ : धूतरए
d ટી૦ વૈ૦ હૈ૦ : सुविमुक्के आमो; સા૦ : विहरे आमुक्खाए; હૈ૦ : परिव्वएज्जासि પછી કૌંસમાં विहरे आमुक्खाए ઉમેરે છે.

ટિપ્પણ (૧)

(યા૦: યાકોબી: શુ૦: શુબ્રિંગ)

1b પરંપરા પ્રમાણે विप्पजहाय એ સંબંધક ભૂતકૃદંત છે. તેથી 'જે'થી શરૂ થતા ગૌણ વાક્યમાં મુખ્ય ક્રિયાપદ આવતું નથી. विप्पजहाइ (विप्रजहाति) એમ સુધારવાથી ક્રિયાપદ મળી જાય છે. य ની इ કરવી એ માત્ર જોડણીનો જ પ્રશ્ન છે.

c ટીકાકારો ફરમાવે છે (અને અનુવાદકો સ્વીકારે છે) કે सहिए નો અર્થ सहितो ज्ञान-दर्शन-चारित्रैः, स्वस्मै वा हितः स्वहितः (ચૂ૦ : सहितो णाणादीहिं; आत्मनो वा हितः स्वहितः)–એ પ્રમાણે કરે છે. પણ આ પ્રકારના વૈકલ્પિક વ્યાખ્યાનો એમની લાચારી સૂચવે છે. મારું સૂચન છે કે एगेडसहिए (અથવા વધારે સારું–एग्-असहिए ?) એટલે કે असहितः એમ વાંચવું. આમ કરવાથી આગળ આવેલા एगे નો અર્થ સમર્થિત થાય છે. અને ગ્રન્થમાં સાધુને એકલા અને એકાંતમાં રહેવા માટે જે વારંવાર આગ્રહ કરવામાં આવ્યો છે તેની સાથે એ અર્થ બંધ બેસે છે. તા૦ ૧૧-૧-૬૫ના પત્રમાં પ્રૉ૦ આલ્સડૉર્ફ લખે છે કે ઉપરનું સૂચન 'सहिए = (अ) सहिए બરોબર નથી. શુબ્રિંગની માફક 'सिद्ध' એવો અર્થ કરવો. ચર્ચા માટે જુઓ: પ્રૉ૦ આલ્સડૉર્ફ उत्तर-ज्झाय studies, ઇન્ડો-ઇરાનિયન જર્નલ, ૬·૨, પૃ૦ ૧૨૧.

2b શીલાંક અને ચૂ૦ मंद ને તત્સમ ગણે છે (જે અર્થ નીચે આગળ મળે છે). યા૦ આ પ્રમાણે ભાષાંતર કરે છે: "ગમે તેવી મૂર્ખ હોય તો પણ સ્ત્રીઓ નિપુણ બહાનાઓ દ્વારા તેની પાસે જાય છે." પણ આ અર્થ સંતોષજનક નથી. આ અનુવાદને સુધારતાં શુ૦ मंदा નો અર્થ 'ખરાબ ઈરાદા'થી એમ કરે છે. मंदाનો અર્થ અહીં मन्द्रा થાય છે એમાં મને જરાય શંકા નથી. ટીકાકારોને આ શબ્દના પ્રાચીન (વૈદિક) અર્થની ખબર નહોતી. તેથી मन्द શબ્દના પ્રાચીન અર્થના અજ્ઞાનને લીધે–मन्द्रभाणिन् શબ્દનું પાલીમાં 'मंतभाणी' એવા ખોટો અનુવાદ થયો છે. (જુઓ લ્યુડર્સ : Bemerkungen über die sprache des buddhistischen Urkanons § 167).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3a भिसं = ऊरूपर्पीडम् એવો શીલાંકનો અનુવાદ યોગ્ય છે. पोस (पौष – ઉત્સવ, રજા ?) નો અર્થ સંદિગ્ધ છે. ટીકાકારો એનો અર્થ 'પોષક' એટલે 'પ્રેમને પોષે એવાં' એવો કરે છે તે ખચિત અર્થહીન છે. પ્રૉ૦ આલ્સડોર્ફ એમના ૧૧–૧–૬૫ના પત્રમાં पोसનો વિશેષ ખુલાસો કરતાં જણાવે છે કે पोस = पुरुष. पोस શબ્દ અર્ધમાગધીમાં સચવાયો નથી, પણ એ જરૂર પ્રાચીન પાલી રૂપ છે. તે પાલીમાં સારો રીતે સમર્થિત થયેલું છે.

d (⏑ ⏑ ⏑ ⏑/⏑ ને બદલે ⏑ – – ⏑ – એમ આવતો) છંદ બતાવે છે કે શ્લોકને અંતે પાઠ ખોટો છે તેથી સંતોષકારક અર્થ અશક્ય બને છે. [યા૦– જેથી તે તેમની પાછળ જાય (अणुव्वजे !) શુ૦–"(તેમના વસ્ત્ર) ખભા સુધી પડે છે.] બેલ્જિયમના ભારતીય વિદ્યાના નિષ્ણાત ડૉ૦ ડેલોય (Deleu) આ પાદને 'बाहुमुद्धट्टु कक्खमणुवीए એમ સમજી वीए = वीयई (સં૦ व्यजति) એમ ઘટાવે છે. (પણ अणु સાથે આ રૂપ જાણીતું નથી). આનો અર્થ આમ થાય : "તેઓ હાથ ઊંચા કરે છે અને બગલને પંખો નાખે છે." આમ છતાં મને अणुवीए એ રૂપ અસ્પષ્ટ જ રહે છે.

4d विरूव નો અર્થ પરંપરા અને અનુવાદો પ્રમાણે 'જાતજાતના, ભાતભાતના' એવો છે. પણ આ જ પ્રકારની પંક્તિ 6 c-d માં આ જ પ્રમાણેનું ભાષાંતર અઘરું બને છે. જ્યારે पाइअ-सद्दमहण्णवोમાં આપેલા 'ખરાબ, કુત્સિત, વિરુદ્ધ, પ્રતિકૂલ' આ અર્થો ઉપરથી विरूप = "ગંદા, ખરાબ, ભયંકર" એવો અર્થ બંને સંદર્ભોમાં બરોબર ઘટશે. आयारंग ૨–૩–૮ જ્યાં વિહાર કરનારા સાધુ માટે વર્જ્ય કરવાના ભયંકર દેશોના વિશેષણ તરીકે विरूवरूवाणि વપરાયું છે, ત્યાં પણ આ જ અર્થ છે.

6a उस्सविया પાઠ સ્વીકારીશું તો બે સં૦ ભૂ૦ કૃદંતો થશે. પણ પરંપરા °वियम् પાઠની તરફેણમાં છે.

d सद्दाणि શબ્દો સામાન્ય રીતે બીજા વિષયોનું ઉપલક્ષણ છે (યા૦ ની પાદટીપ) એવું માનવાની જરાય જરૂર નથી.

7d ચૂ૦ : भेदकरी कथा भिन्नकथा; ટી૦ : भिन्नकथाभी रहस्यालापैर्मैथुनसम्बद्धैर्वचोभिः । આ બંને વ્યાખ્યાઓ નિરાધાર છે. સંસ્કૃત भिन्न શબ્દનો અર્થ 'ખુલ્લા, વિસ્તૃત'. પાણીના સંદર્ભમાં "મુક્ત વહેણવાળું, ધસમસતું" ઇત્યાદિ થઈ શકે છે. આ જાતનો અર્થ વાણીના વિશેષણ માટે તદ્દન અપ્રસ્તુત નહિ ગણાય.

आणवयंति નો અર્થ અલબત્ત आज्ञापयंति થાય. અને ચૂ૦, ટી૦ તથા યા૦ એ પ્રમાણે જ કરે છે. નવમા શ્લોકમાં રથકારની ઉપમા સાથે नमयंति નો પ્રયોગ બતાવે છે કે શુ૦ એનો आनमयन्ति (એને પોતાને માટે નમાવે છે) એવો અર્થ કરે છે તે બરોબર છે.

8–9 આ બંને શ્લોકોનો ક્રમ મેં કામચલાઉ બદલી નાખ્યો છે. આનાથી ૭d માં આવેલા आणवयंतिનો ૯a માં આવેલા नमयंति સાથે સીધો સંબંધ થાય છે એટલું જ નહિ, પરંતુ સાથે સાથે જાળમાં ફસાયેલા સિંહની ઉપમાને ફસાયેલા હરણની ઉપમા પછી તરત આણી દે છે. તેથી ૮a માં આવેલા जहा व (= वा) નું સમર્થન થાય છે.

9b પ્રાકૃત अणुपुव्वं અને अणुपुव्वीएના જેવા સંસ્કૃતમાં પણ એ જ અર્થના अनुपूर्वम् અને आनुपूर्व्या એવા બે ક્રિયાવિશેષણો છે. પરંપરા છંદથી વિરુદ્ધ જઈને आणुपुव्वीए સ્વીકારે છે; જ્યારે છંદની દૃષ્ટિએ अणुपुव्वं નિઃસંદેહ વધુ બંધ બેસે છે. 'હૈ૦' અને 'અ૦'નો आणुपुव्वी પાઠ કદાચ મૂળ પાઠનો અંશ જાળવતો લાગે છે.

8d एगचरं ति (= इति) ને °पि (= अपि) એમ સુધારવાનું પ્રલોભન સ્વાભાવિક રીતે થાય છે. एगईय (છંદ માટે દીર્ઘ, પરંપરા : °इय) સરખાવો : પાલી—एकाकियो (થે૦ ગા૦ ૧,૫૪૧)

10c विवागमादाय આ પાઠ નિઃસંદેહ ભ્રષ્ટ છે. (યા૦ આ પાઠ સ્વીકારે છે—"પરિણામોનો વિચાર કરીને") પણ विवेग શબ્દનો પણ શુ૦ ખોટો અર્થ કરે છે. તેઓ એનો 'નિર્ણય, વિવેક' એવો સામાન્ય અર્થ કરે છે. ચૂ૦ નો પાઠ विवागमणिस्सा (= अन्विष्य) એનો સાચો અર્થ સ્પષ્ટ રીતે બતાવે છે. ૧d માં આવેલા विवित्तेसीનું એ સમાંતરરૂપ છે. 'विवेग' પછીના પાઠમાં આવેલા संवासनું વિરુદ્ધાર્થક છે. સરખાવો : પાલી શ્લોક (થે૦ ગા૦ ૨૭ અને ૨૩૩) :
दब्बं कुसं पोतकिलम् उसीरं मुंजपब्बजम् । उरसा पनुदहेस्सामि विवेकमनुब्रूहयम् ॥

d શુ૦નું ભાષાંતર विकप्पए (પૃ૦ ૧૪૫, ટીપ ૮) પાઠને અનુસરે છે; પણ છંદ ભારપૂર્વક 'वि'નું દૂરીકરણ ઇચ્છે છે અને અ૦, ઈ૦, અને ચૂ૦માં એ દૂર કરાયો છે. दविए માં સપ્તમી (?) જરા શંકાપૂર્ણ છે. એનો ચોક્કસ અર્થ શક્ય નથી.

11c ओए (સરખાવો શુ૦ની આયારાંગની આવૃત્તિની શબ્દાનુક્રમણી) ને ચૂ૦ આ પ્રમાણે સમજાવે છે : ओओ नाम राग-दोष-रहितो; ટી૦ एकः असहायः सन्; ૨, ૧a માં ચૂ૦ પોતાની વ્યાખ્યાની પુનરાવૃત્તિ કરે છે. અને ટી૦ આ વખતે એની સાથે સંમત થાય છે. સંસ્કૃતમાં ओजस् એવું વિશેષણ જાણવામાં નથી. પણ ओजीयस् અને ओजिष्ठ એવા તત્સમવાચક રૂપો ઉપરથી એનું અનુમાન કરવું જોઈએ. कुलाणिनो °ण એવો શુ૦નો સુધારો ખરેખર અનિવાર્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

d आघाए चू०, टी० અને અનુવાદકો એને आख्याति એ પ્રમાણે ૩ પુ૦, એ૦, વ૦ સમજાવે છે અને 'તે ઉપદેશ કરે છે' એવો અર્થ કરે છે. પણ 'आख्या'નો આવો અર્થ નથી. आघाए એટલે आख्यातः એમાં મને જરાય શંકા નથી.

12a अणु ने उंछम् એમ દ્વિતીયા સાથે જતું કર્મપ્રવચનીય સમજી 'अणु गिद्धा' એમ બે શબ્દો છૂટા લખવા એ જરૂરનું છે. યા૦ उञ्छ નો અર્થ "પાપી (સંબંધ)" એવો કરે છે. અને શુ૦ 'કચરો' (નોંધ: "આ સ્ત્રીઓને લાગુ પડે છે") એવો અર્થ કરે છે. પાલીમાં उञ्छा નો અર્થ જંગલમાં મુનિઓએ ભેગાં કરેલાં ફળ અને મૂળ એવો થાય છે. દા૦ ત૦, જાતક૦ IV પૃ૦ ૨૩ : उञ्छा-फला-फलेहि यापेंतो। જાતક૦ ૫૦૭,૧૮ : पण्णसालं करित्वान वनमुंछाय पाविसि થે૦ ગા૦ ૧, ૧૫૫ અને Pv. IV ૭માં उञ्छापत्तागते रतो (ભિક્ષાપાત્રમાં જે કંઈ આવે તેનાથી સંતોષી) એવું વચન છે. અને Pv પરની ટીકા અહીં એને उंछेन भिक्खाचारेण लद्धे पत्तगते आहारे रतो" એ રીતે સમજાવે છે. આ રીતે એ શબ્દનો અર્થ 'દાન' થાય છે. અને આયારાંગ ૨.૩.૧.૨ માં पिण्ड અથવા भिक्खा ના પર્યાય તરીકે વપરાયા છે. આ ફકરામાં અમુક ગામ કે નગરને ચોમાસુ ગાળવા માટે અયોગ્ય ઠરાવનારી શરતોની ગણતરી કરવામાં આવી છે : नो सुलभे फासुए उंछे अहेसणिज्जे. યા૦ આનું "જે સહેલાઇથી ન મેળવી શકાય...શુદ્ધ, સ્વીકાર્ય દાન" એ પ્રમાણે સાચું ભાષાંતર કરે છે.

b ટી૦, વૈ૦, હૈ૦માં છંદની દષ્ટિએ અશુદ્ધ પાઠ; ચૂ૦માં શુદ્ધ; આ બંને પાઠો વચ્ચે છંદની દષ્ટિએ સાચા સમાધાનના પ્રયત્ન કર્યો છે.

d પરંપરાએ સર્વાનુમતે સ્વીકારેલો 'विहरे' એ પાઠ છંદની દષ્ટિએ ખોટો છે. એને ૨, ૩b ઉપરથી શુદ્ધ કરવા જોઈએ. ત્યાં ચૂ૦ विहरेज्जा આપે છે. બંને પાઠમાં આવતો सहणं (सह णं?) પાઠ શંકાસ્પદ રહે છે. ગમે તેમ 'સાથે' એ અર્થવાળા શબ્દની સાથે આપણે સપ્તમીની નહિ પણ તૃતીયાની આશા રાખી શકીએ. હવે ૨, ૩ b માં આવેલું इत्थीए આ બન્ને વિભક્તિ માટે ચાલી શકે તેવું છે. ૧, ૧૨ d માં આવેલા 'इत्थीसु' માટે લ્યુડર્સ (Bemerkungen über die sparche des buddh. Urkanons, § 220-225) કહે છે કે— પ્રાચીન પૂર્વીય પ્રાકૃતમાં સપ્તમી અને તૃતીયા બહુવચનના (બંનેમાં—हि અંતવાળા) એકસરખા રૂપો હોવાથી પાલી તેમ જ બૌદ્ધ સંસ્કૃતમાં—एहि અંતવાળા તૃતીયાના પ્રાચીન રૂપને ભૂલથી—एसु/एषु એવા સપ્તમીનાં રૂપો તરીકે બદલી નાખ્યા છે. इत्थीसु— જો માત્ર ભૂલ ન હોય તો—તે ઉપર જણાયા મુજબ સમજાવી શકાય. સરખાવો પિશેલનું વ્યાકરણ § ૩૭૧ અને ૩૭૬. અહીં (તૃતીયાને સપ્તમીના અર્થમાં ઘટાવાનો) ઊલટો ગોટાળો નોંધ્યો છે.

13a શુ૦ "(ઘરની) પુત્રીઓ અને પુત્રવધૂઓ સાથે" એમ અનુવાદ કરે છે. અને નોંધ કરે છે કે "અલબત્ત, એની પોતાની નહિ (SBE ૪૫. ૨૭૩)!" હું માનું છું કે શુ૦ ની નોંધ જેને લાગુ પડે છે અને ચૂ૦ ટી૦ સાથે સંમત છે એવું યા૦નું ભાષાંતર તદ્દન સાચું હતું. ચૂ૦ "मातृभिर्भगिनीभिश्च नरस्यासम्भवो भवेत्। बलवानिन्द्रियग्रामः पण्डितोऽप्यत्र मुह्यते॥ આ શ્લોક ટાંકે છે. જ્યારે ટી૦ સમજાવે છે કે—ભિક્ષુ જાતે ભલે શુદ્ધ રહી શકે, પરંતુ બીજાઓ એને માટે શંકા કરશે. આવી સ્થિતિ દૂર કરવી જોઈએ. આ દષ્ટિબિંદુ પર પછીના શ્લોકોમાં ભાર મૂકવામાં આવ્યો છે.

14–16 આ શ્લોકોનું શુ૦એ કરેલું તદ્દન જુદું વ્યાખ્યાન મારે ગળે ઊતરતું નથી. જોકે, મારો પોતાનો પ્રયત્ન પણ હંમેશા સફળ નીવડે છે એમ પણ ચોક્કસ રીતે કહી શકું નહિ.

14c યા૦નું ભાષાંતર—"બધા પ્રાણીઓ કામમાં આસક્ત છે." सत्त નો અર્થ सत्त्व નહિ પણ सक्त (અથવા °आसत्त = °आसक्त?) સમજવાનું હું શુ૦ની માફક પસંદ કરું છું. અને 'आ'કારાન્ત રૂપો(गिद्धा, सत्ता)ને ૨d માં આવેલા બીજા પુરુષ એ૦ વ૦ના 'सि' સાથે સંબંધ ધરાવતા સંબોધનના રૂપો સમજવાનું પસંદ કરું છું. 'd' નો અર્થ શંકાસ્પદ રહે છે. "તું માણસ છું. તે(સ્ત્રી)નું રક્ષણ અને પોષણ કર." એવું યા૦નું ભાષાંતર ટી૦ ને આધારે છે. ટી૦ અને ચૂ૦ मणुस्स ને 'નોકર' એવા અર્થમાં એટલે કે 'पुरुष'ના પર્યાય તરીકે સમજતા લાગે છે. કદાચ ગુસ્સે થયેલો ગૃહસ્થ સાધુને સૂચવતો હશે કે સ્ત્રીઓને મળવા કરતાં અને એમણે આપેલી ભિક્ષા ખાવા કરતાં સાધુએ પોતાના સ્ત્રીવર્ગનું રક્ષણ અને પોષણ ન કરવું? સરખાવો : સૂયગડ ૧.૩.૨.૨ વગેરે. આ શ્લોકોમાં સાધુને કુટુંબમાં પાછા આવવા લલચાવતા સગાંવહાલાંઓ, સગાંવહાલાંનું પોષણ કરવાની તેની લૌકિક (लोइय) ફરજો વિષે વારંવાર દબાણ કરે છે. ("पोस णे, ताय..."; "मायरं पियरं पोस"; "पुत्ता ते, ताय, खुड्डगा" ઇત્યાદિ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

15a उदासीण–"નિર્લેપ, તટસ્થ". ભિક્ષા સમયે સ્ત્રીઓ સાથે જે શુદ્ધ આચરણ કરે છે તેવા સાધુ આ પ્રમાણે ઓળખાય છે.

16ab આ શબ્દો ૧૫b માં ઉલ્લેખાયેલા એગેના હોઈ શકવાની કદાચ શકયતા છે. જોકે, એમ છાતી ઠોકીને કહેવાની જરૂર નથી. શુ૦ ૧૬cd માટે પણ તેમ જ માને છે, પણ એમનો અનુવાદ મારીમચડીને કરેલો લાગે છે. હું માનું છું કે આ ઉત્તરાર્ધમાં આ પ્રકરણના કર્તાનો આદેશ સમાયેલો છે એમ લેવું એ વધારે શકય છે.

16d संन्निसेज्जा નો અનુવાદ શુ૦ 'એક પ્રદેશમાં' એમ કરે છે. પણ તેનો અર્થ "એક જ આસન પર જોડાજોડ બેસવું" એમ વધુ અક્ષરશઃ લેવો જોઈએ. उत्तरा० ૧૬ માં બ્રહ્મચર્ય પાલન કરવા માટે (बंभचेर–समाहिठाणा) દશ નિયમો ગણાવે છે. તેમાંના પહેલા છ આ પ્રમાણે છે :

(૧) સુવા–બેસવા માટે એકાંત સ્થાનનો ઉપયોગ (विवित्ताइं सयणासणाइं; યા૦નું 'જુદાજુદા' એવું ભાષાંતર બનાવે છે કે તેઓ 'विच्चित्ताइं' એવો ખોટો પાઠ અનુસરે છે.) અને નહિ કે 'જ્યાં સ્ત્રીઓ, પશુઓ કે પંઢો વારંવાર આવતા-જતા હોય તેવાં સ્થાનો'.

(૨) સ્ત્રીઓ સંબંધી વાત ન કરવી.

(૩) नो इत्थीणं सद्धिं सन्निसेज्जा–गए विहरित्तए

(૪) સ્ત્રીઓના લાવણ્ય કે સૌન્દર્યનું દર્શન ન કરવું.

(૫) પડદા કે દીવાલ પાછળ ઊભેલી સ્ત્રીઓના હસવાના કે બીજા પ્રકારના જુદા જુદા અવાજો ન સાંભળવા.

(૬) ભૂતકાળમાં અનુભવેલા વિષયસુખોનું સ્મરણ ન કરવું.

આ યાદીમાં ખાસ કરીને નં૦ (૧) પછી 'सन्निसेज्जा'નો "એક જ પ્રદેશમાં" એવો વધારે વ્યાપક અર્થ ભાગ્યે જ લઈ શકાય. "એક જ આસન પર" એમ વધારે સંકુચિત અર્થમાં જ એ શબ્દ સમજવો જોઈએ. "સ્ત્રીઓ સાથે એક આસન પર બેસવું નહિ જોઈએ" એવું યા૦ નું ભાષાંતર નિશ્ચિત સાચું છે. સમવાયમાં આવેલા સંભોગના સભ્યો અંગેની બાર છૂટછાટોમાં પણ આ જ અર્થ જણાય છે. History of Jaina Monachism, પૃ૦ ૧૫૨ ઉપર એસ૦ બી૦ દેવ આ પ્રમાણે સમજાવે છે : "(૧૧) सन्निसिज्जा : એક જ 'સંભોગ'(?)ના બીજા આચાર્ય સાથે ધાર્મિક બાબતોની ચર્ચા કરતી વખતે એક જ આસન પર બેસવું તે.

17ab આ પંક્તિનો અન્વય '(बहवे...अवहट्टु...पत्थुया एगे), ટૂંકમાં કહીએ તો, ઘણો જ શિથિલ છે. ચૂ૦ અને ટી૦ને અનુસરતું યા૦ નું ભાષાંતર આમ છે : "યદ્યપિ ઘણા લોકો ઘર છોડે છે છતાં (તેમાંના) કેટલાક જ (ગૃહસ્થ અને સાધુની) વચલી અવસ્થાને પ્રાપ્ત કરે છે." ટી૦ના કહ્યા મુજબ अपहृत्य નો અર્થ परित्यज्य કરવો એ અસંભવિત છે. શુ૦ ને આ સમજાયું છે. છતાં એમનું ય ભાષાંતર : "ઘણા (સાધુઓ) (જાણે કે) (કેટલાંક) ઘરોને વળગી રહ્યા છે", ગળે ઊતરે એવું નથી. હેમચંદ્ર (૪.૧૬૨) પ્રમાણે अवहरइ એ गच्छइ નો ધાત્વાદેશ (अपसरति પરથી ?) થઈ શકે છે. આ અર્થ જો કે અલબત્ત ચોક્કસ તો નથી જ, છતાં કંઈક અંશે સંતોષજનક છે. मिस्सीभाव નો અર્થ શુ૦ "સામાજિક સંબંધો" કરે છે. પરંતુ સંસ્કૃત 'मिश्रीभाव' અને પાલી 'मिस्सीभाव' બન્નેનો અર્થ 'મૈથુન' થાય છે. ખાસ કરીને સરખાવો : જાતક૦ ૨૬૪, ૧ (=૫૦૭, ૨૪) : 'मिस्सीभाविथिया गंत्वा' "સ્ત્રીઓ સાથે મૈથુન (જેનાથી બંને બાબતોમાં સાધુ પોતાની ઇદ્ધિ ગુમાવે છે) કરીને." પ્રાકૃત मिस्सीभावનો અહીં પણ એ જ અર્થ ન માનવાનું હું કોઈ કારણ જોતો નથી.

पत्थुया ને બદલે ચ૦ पण्हया, અને સા૦ पण्णता આપે છે. હૈ૦ કૌંસમાં पणता એવો વૈકલ્પિક પાઠ આપે છે. સારી રીતે સમર્થિત થયેલું આ પાઠાંતર મને સમજાતું નથી. અને ચૂ૦ની વ્યાખ્યા 'अथवा पव्वजाए गिहवासेऽवि पण्हता णाम गौरिव प्रस्नुता एवमेषाम्' પણ સમજાતી નથી.

18'c' નો અંતભાગ ચૂ૦ સિવાય બધે દૂષિત છે તેથી તર્કથી હું ચોક્કસ કહી શકું છું કે આપણે तहावि = तथापि એમ વાંચવું. પણ છેલ્લા શબ્દનું સાચું રૂપ કેવું હશે તે હું ચોક્કસ કહી શકતો નથી.

19d गिलाइ से मुज्जो : યા૦ "તે ફરી ફરી નબળો થાય છે." શુ૦ "તે ફરી ફરી આધીન થાય છે." બંને અર્થો સંદર્ભમાં ખૂબ સારી રીતે બેસતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

21–24 ચૂ૦ અને ટી૦ ના આધારે યા૦નું ભાષાંતર માને છે કે ૨૧-૨૩ માં પુરુષો("વ્યભિચારીઓ")નું વર્ણન છે. ૨૩માંના एवं ता (સ્રી૦ !) वदित्ताणंનું ભાષાંતર '(લોકો) તેમ જાણવા છતાં પણ' એમ કરે છે (એમનો પાઠ विदित्ताणं ! હોય એમ લાગે છે); જ્યારે ૨૪aમાં તે (સ્રીઓને) વાક્યના કર્તા તરીકે સમજે છે. શુ૦ ૨૧-૨૪ બધે માં સ.ધુઓ જ લે છે. જેથી 'સાધુએ સ્રીઓનો વિશ્વાસ ન કરવો કારણકે (तम्हा) તેઓ શ્લોકના પૂર્વાર્ધમાં વર્ણવ્યા પ્રમાણે વર્તે છે' એ પ્રકારની દલીલનો ભંગ થાય. ૨૧–૨૪ બધા શ્લોકોમાં સ્રીઓની દુષ્ટતાનું જ્વલંત ઉદાહરણ છે એમાં મને શંકા નથી. ૨૧ અને પછીના શ્લોકોમાં જે સજાઓ, ખાસ કરીને નાક-કાન કાપીને વિકૃત બનાવવાની તે જમાનાએ સ્વીકારેલી સજાઓ વ્યભિચારિણી સ્રીઓ માટે છે, નહિ કે વ્યભિચારી પુરુષો માટે. ૨૩માંની પંક્તિઓનો પરંપરાપ્રાપ્ત ક્રમ ફેરવી નાખવાથી સુશ્લિષ્ટ, સયુક્તિક સંદર્ભ ઘટે છે. (બદલાયેલી) પ્રથમ પંક્તિમાં સ્રી૦ 'ता' રૂપ સ્પષ્ટ બતાવે છે કે ૨૨dમાં 'पुणो न काहम्' એમ બોલનાર સ્રી છે. ૨૩dમાં આવેલા कम्मुणाને યા૦ અને શુ૦ પૂર્વજન્મના કર્મો એટલે કે कर्मन्ना પારિભાષિક અર્થમાં ઘટાવે છે. (યા૦ "કર્મથી પ્રેરાઈને") પરંતુ कम्मुणाનો અર્થ કાર્ય, વાણીથી જુદું, એમ જ માત્ર થાય છે. (ટી૦ अकार्यमहं न करिष्यामि, इत्येवमुक्त्वाऽपि वाचा अदुव त्ति तथापि कर्मणा क्रियया अपकुर्वन्तीति विरूपमाचरन्ति ।); સરખાવો ૨૪bમાં વર્ણવેલો 'वाया અને कम्मुणाનો વિરોધ'. આ પાદમાં ચૂ૦, ટી૦ અને ભાષાંતર परिहित्ताને परिहाइ, परिदधातिમાંથી આવતું બતાવે છે. એને પરિણામે b અને c વચ્ચે સાધો વિરોધ ઊભો થાય છે. એ રૂપ परिहाइ परिजहातिમાંથી પણ લઈ શકાય છે, અને સંદર્ભ પણ નિઃશંક રીતે એવી અપેક્ષા રાખે છે.

28b पुट्ठा નું ભાષાંતર શુ૦ "જ્યારે પકડાઈ જાય ત્યારે" (એટલે કે स्पृष्टाः) એમ કરે છે. ટિપ્પણમાં તેઓ आयारंग ૧, ૨, ૧ : पुट्ठा वि एगे नियट्टंति मंदा मोहेण पाउडा અને ૧, ૬, ૨૪ पुट्ठा वेगे नियट्टंति जीवियस्सेव कारणाने ઉધ્ધૃત કરે છે. પણ આ બંને ખંડોનું એમનું ભાષાંતર सूयगड ૧, ૪, ૧, ૨૮થી તદ્દન જુદું છે. જુઓ ૧. ૨. ૧નો અનુવાદ : "આકર્ષણોને લીધે કેટલાક આળસુ લોકો મોહથી ઘેરાઈને (સંસારમાં) પાછા ફરે છે." (યા૦ કેટલાક ખોટી શિખામણને અનુસરી સંયમમાંથી પાછા ફરે છે. તેઓ મોહથી ઘેરાયેલા મૂર્ખ લોકો છે.) ૧. ૬. ૨૪ નો અનુવાદ : "દુઃખોથી ઘેરાયેલા કેટલાક જીવ (બચાવવા) માટે પાછા ફરે છે." (યા૦ જ્યારે તેઓ (સાધુજીવનના) દુઃખોનો અનુભવ કરે છે ત્યારે જીવનના મોહને કારણે તેઓ પાછા ખસી જાય છે.) આ ખંડોમાં पुट्ठ = स्पृष्ट છે. અને તેનો અર્થ 'ઘેરાયેલા' એટલે કે 'પાશથી પીડાયેલા' (फास ! જુઓ નીચે ૨.૨૧d सव्व-फासे सहेज्ज अणगारे) તેવો થાય છે. એનું સમર્થન आयारंग ૧. ૫. ૨. ૨ "जे असत्ता पावेहिं कम्मेहिं उयाहु। ते आयंका फुसंतीति, उयाहु वीरे। ते फासे पुट्ठेऽहियासए." પણ આ અર્થ "પકડાઈ જાય ત્યારે, ગુનો કરતા પકડાય ત્યારે" ના કરતાં તદ્દન જુદો છે અને આ અર્થ અહીં જરા ય ચાલે એમ મને લાગતું નથી. તેથી મેં યા૦ પ્રમાણે એનો અનુવાદ "જ્યારે પૂછવામાં આવે ત્યારે" એમ કર્યો છે. અથવા બહુ બહુ તો આપણે એમ કહી શકીએ કે "જ્યારે જવાબ માગવામાં આવે ત્યારે."

29d विसण्ण ની 'असंयम' એ રીતે આપેલી સમજૂતી મનાય તેવી નથી. विषण्ण નો સામાન્ય અર્થ 'કંટાળેલો, નિરાશ, ઉદાસ,' એવો થાય છે. विसण्णेसी = * विषण्णेसिन् એમ માનવું બહુ શકય નથી. * विषान्वेषिन् માં विष् "વિષ્ઠા" શબ્દ મેળવવાનું શકય છે ? સરખાવો विष् ! ને બદલે વિષ-વાળું સંસ્કૃત રૂપ विषक्रमि.

30b आत्मततं निमन्त्रणेन નો અક્ષરશઃ અર્થ = "પોતાની જાતના સમર્પણ સાથે" સરખાવો ૬b भिक्खुं आयसा निमंतेंति.
c ताइ ને त्रायिन् ! (ચૂ૦ ટી૦) કે त्यागिन् (શુ૦) એ રીતે સમજાવવાની ભાગ્યે જ જરૂર છે. આ તો માત્ર ताय = तातनी ખોટી જોડણી છે.

(૨)

1a ओए ઉપર ૧.૧૧ જુઓ.

2c શુ૦ "पलिभिंदियाण = परिभिद्य, ઈજા કરીને, વિકૃત બનાવીને" એમ સમજાવે છે અને એનું ભાષાંતર 'ઉઝરડીને' એમ કહે છે. હું એને प्रतिभिद् = ઠપકો આપવો, ગાળ દેવી" એમ સમજવાનું પસંદ કરું છું.

3c 'केसे वि अहं એવો ચૂ૦નો પાઠ, પ્રાચીન પૂર્વીય રૂપ केसाणि (પું૦ દ્વિ૦ બ૦ વ૦)ને દૂર કરી તેને વ્યવસ્થિત બનાવવાનો ચોકખો પ્રયત્ન બતાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

4b છન્દની દષ્ટિએ અશુદ્ધ છે. છઠ્ઠો ગણ ⏑–⏑ ને બદલે ⏑⏑– છે. શુદ્ધ પાઠ હું જણાવી શકું તેમ નથી.

6d ચૂ૦ અને ટી૦ માં આપેલા कासवग = नापित એ અર્થને છોડીને શુ૦ એ શબ્દને મહાવીરના પ્રસિદ્ધ નામ कासव ઉપરથી ઘટાવે છે. અને આ પ્રમાણે ભાષાંતર કરે છે : “ અને સાધુ તરીકે તારી પાસે રહેતું રજોહરણ (સાફ કરવાની પીંછી) (શબ્દશઃ મહાવીરની પીંછી) મને આપ. પરંતુ रओहरणं च कासवगं च એમ બે ચકારનો ઉપયોગ આ અર્થનો વિરોધી છે.

ગન્ધ અને रओहरणનો સંબંધ દૂર કરીને (નવા! પાદમાં) આપેલા समणुजाणाहिनो માત્ર कासवग જોડે સંબંધ ઘટાવવા એ દુષ્કર છે. कासवगની વ્યુત્પત્તિ ભલે ગમે તે હોય, પરંતુ એનો અર્થ ‘ નાપિત ’ થાય છે એ નિઃશંક છે. રાજકુમારની પ્રવ્રજ્યાના આગમગ્રંથોમાં આવતાં વર્ણનો (नायाधम्मकहाओ–वियाहपन्नत्ति) નો આરંભ રાજકુમારના વાળને ચાર આંગળ જેટલા ટૂંકાવવા માટે कासवगને બોલાવવા મોકલવાથી જ હમેશા થાય છે. (“ . . कुमारस्स चउरंगुल–वज्जे निक्खमण–पाओग्गे अग्ग–केसे कप्पेहि ” ।) આપણા સન્દર્ભમાં સ્ત્રી સાધુને બહાર જઈને પોતાને માટે નાપિતને બોલાવવાનું સ્પષ્ટ રીતે કહે છે.

7b कुक्कयय–શબ્દનું સાચું સ્વરૂપ (જુઓ–ભિન્ન ભિન્ન પાઠાંતરો) કે એનો અર્થ ચોકકસ રીતે કહેવો તે અશકય છે. खुंखुणक એવો ટી૦ નો પર્યાય, જેનો અર્થ નાની વીણા થાય છે, માત્ર વ્યુત્પત્તિની દષ્ટિએ એક અનુમાન માત્ર છે. હે૦ એનો અર્થ ‘ કંકાવટી(कुंकुमदानी) એમ કરે છે. આ કંઈક, જો ખરા હોય તો, વધુ શકય લાગે છે

7d શીલાંકની દષ્ટિએ वेणुपलासिया એટલે (યા૦ ના શબ્દોમાં) “ એક છેડો દાંતમાં રાખી બીજો છેડો ડાબે હાથે પકડી જમણા હાથે વીણાની માફક વગાડવામાં આવતી વાંસની ચીપ કે ઝાડની છાલ ” એવો થાય છે. શુ૦ એનો અર્થ ‘ બરુની ભૂંગળી ’ કરે છે. એમણે પોતે જ ઉદ્ધૃત કરેલા શીલાંકના વર્ણન સાથે આ અર્થનો ભાગ્યે જ મેળ બેસે છે. દ્વિતીય અને ચતુર્થ પાદમાં પ્રસાધનની વસ્તુઓની ગણનામાં ગીતવાદ્યોનો માની લીધેલો ઉલ્લેખ શંકાસ્પદ લાગે છે.

8 આ શ્લોકમાં મોટે ભાગે પ્રસાધનની–ખાસ કરીને સુગંધી દ્રવ્યોની–યાદી આપવામાં આવી છે. શબ્દકોષાનુસાર फलने फलकના અર્થમાં વાપરી શકાય છે.

8c અનુશ્રુતિ સર્વાનુમતે मुह° એવો પાઠ સ્વીકારે છે. પરંતુ છંદની દષ્ટિએ मुहाड°– જરૂરી છે. भिलिंगाइ ‘ ચોપડવું ’ ક્રિયાપદ આયારંગ ૨. ૧૩. ૪ (અને ત્યાર પછીની પુનરાવૃત્તિઓ)માં મળે છે : ......तेल्लेण वा घएण वा वसाए वा मक्खेज्ज वा भिलिंगेज्ज वा (પાઠાંતર–विलंगेज्ज वा). આ સ્થળે वाडभि° એવું પાઠાંતર સ્વીકારીએ–એટલે કે भिलिंगाइ-ને બદલે अभिलिंगाइ ક્રિયાપદ માનીએ–તો તે વાંધા ભરેલું નથી કારણકે સૂયગડ ૧. ૪. ૨. ૮માં છંદની દષ્ટિએ भिलिंगाएને બદલે अभि°—એ પ્રમાણે સ્વીકારવું જ પડે છે. ચૂર્ણિકા નોંધે છે : भिलंगाय त्ति देसीभासाए मक्खणम् एव.

9a અનુશ્રુતિનો સર્વસ્વીકૃત પાઠ पाहराहि છન્દની દષ્ટિએ અશુદ્ધ ઠરે છે. ટીકાકારોને प्रहराति નો ‘ આપવું, લાવવું ’ એવા પ્રાચીન અર્થની ખબર ન હતી તેથી તેમણે તે શબ્દને प्र + आहर એ રીતે સમજાવ્યો. (જુઓ : ચૂ૦ भृशम् आहराहि; ટી૦ प्रकर्षेण.........आहर) આમ प्र + आहर પરથી અપભ્રષ્ટ થઈ पाहराहि બન્યું.

9b उवाणहम्–એવું એકવચનાંત રૂપ ધ્યાન ખેંચે એવું છે. ચૂ૦ કહે છે : छत्तगं जाणाहि उवाणहौ वा। जाणाहि त्ति आणेहि। जतो जाणासि ततो ॥ ‘ छत्तोवाणहौ जाणाहि ’ એ પાઠ સ્વીકારવા મન લોભાય એ સ્વાભાવિક છે. છેલ્લા પદ जाणाहिના ચૂર્ણિકાર “ લાવ, કારણકે તું જાણે છે (કે એ કયાં છે) અથવા “ જયાંથી જાણે ત્યાંથી ” એવો અર્થ કરે છે. जाणाहि નો આ સ્થળે અને ૧૨bમાં તેમ જ ૧૦dમાં विजाणेहि નો ઉપર પ્રમાણેનો અર્થ અશકય ભલે ન હોય છતાં જરા ખેંચીતાણીને કરેલો લાગે છે. સર્વત્ર ‘ લાવ ’ એવા જ અર્થની અપેક્ષા રખાય, “ જાણ ” એવા અર્થની નહિ. (૧૪dમાં આવેલા जाणनी બાબત જુદી છે). વળી પૂર્ણતયા સમાંતર એવા ૧૧bમાં ‘ च आणाहि ’ એવો પાઠ મળે છે. ઉપર હમણાં જ નિર્દિષ્ટ કરેલાં ત્રણે રૂપો કેવળ અત્યંત પ્રાચીન ભ્રષ્ટ પાઠો છે અને તેમનું च आणाहि અને पि य्–आणाहि (અથવા ચારેય સ્થળે आणेहि) એમ શુદ્ધીકરણ શકય છે ખરું ? મૂળ ગ્રન્થમાં આ પાઠને સામેલ કરવાની ધૃષ્ટતા હું નથી કરતો છતાં મારી શંકાને ઉવેખી પણ શકતો નથી.

9c सूव નો અર્થ पत्र-शाक કર્યો છે. શીલાંકને એ માટે પ્રમાણભૂત માનવો જ રહ્યો. એનો અર્થ સંસ્કૃત ‘ शूक ’ = “ જવ, એક જાતનું ઘાસ, વગેરે ” એવો અર્થ લઈ શકાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

10d અનુશ્રુતિ પ્રમાણેનું મે પદ છન્દ પ્રમાણે પ્રક્ષિપ્ત પુરવાર થાય છે. विंसु–विहूणय = તાપનિવારક = પંખો એ પ્રમાણે હું સમસ્તપદ લઉં છું. શાર્પાંત્યે (उत्तरा° ની પોતાની આવૃત્તિમાં ૨.૮ ની નોંધમાં) विंसु ને સપ્તમી બહુવચન તરીકે સમજાવે છે તે ગળે ઊતરતું નથી. આ શબ્દ વૈદિક 'व्रंस' (પિશેલ § ૧૦૧, ૧૦૫) ઉપરથી ઊતરી આવ્યો હોય કે તેની સાથે સંબંધ ધરાવતો હોય એમ માનવામાં ભાગ્યે જ કોઈને શંકા હોય.

12a (ચૂ૦ એ છન્દની દૃષ્ટિએ ખામી ભરેલા पूयफल ને સુધારવા સ્વીકારેલા) पूयाफल ને બદલે पूयप्फल એવો પાઠ પણ શક્ય છે. पाइयसद्दमहण्णवो 'पूयप्फली' એવું રૂપ નોંધે છે.

13cd, 14ab આ બંને પંક્તિઓ આ સ્થળે અયોગ્ય છે કારણકે આ પંક્તિઓ બાળકનો જન્મ થઈ ગયા પછી જ સાર્થક બને છે. જ્યારે સર્વપ્રથમ ૧૫cd માં જ સ્ત્રીના દોહદની વાત આવે છે અને ત્યાર પછી ૧૬, ૧૭માં બાળકનો જન્મ અને ત્યાર બાદ સાધુએ ન છાજતી વસ્તુઓ કરવાની વાત આવે છે. વળી ૧૩bમાં આવેલા खणाहि અને ૧૪c માં આવેલા वासं समभियावन्नम् ની વચ્ચે આવેલી આ બંને પંક્તિઆમાં કોઈ પણ આજ્ઞાર્થના રૂપ સાથે સંબંધ કરી શકાતો નથી તેથી આ પંક્તિ ક્રિયાપદરહિત બની જાય છે. આમ છતાં આ પંક્તિઓને આગળ પછીની પંક્તિઓમાં પણ આનુપૂર્વીના ક્રમમાં ગોઠવી પરિસ્થિતિ બદલાઈ શકાતી નથી, અને ચોક્કસ કઈ જગાએ આ પંક્તિ-ઓને સમાવવી તે કહેવું પણ અઘરું છે. આપણી પાસે જે રીતે ગ્રન્થ છે તેમાં કોઈ ઢંગધડા વગરના સંગ્રાહકે અસંતોષ-જનક થીંગડા માર્યા જેવું કામ કર્યું છે એવી મારી ચોક્કસ ખાતરી છતાં એમાં ફેરફાર કરવાનું મેં માંડી વાળ્યું છે.

13c શુ૦ सरपादगનો स्वरपात्र એવો કામચલાઉ પર્યાય આપી 'રણશિંગુ' એવો અર્થ કરે છે. शरपातक = 'ધનુષ' એવા અનુશ્રુતિના અર્થને ન સ્વીકારવા માટે તેઓ બે કારણો આપે છે : (૧) शरपात નો અર્થ 'ધનુષ્' નહિ પણ 'બાણનું છૂટવું' એવો થાય છે અને (૨) "ગ્રન્થકારે સમજૂતીની રીતે આપેલા ચતુર્થીના રૂપો પ્રમાણે બાળક ઉત્તરોત્તર મોટું થતું જાય છે; નાજૂક બાળવયમાં ધનુષ એના કશાય ઉપયોગનું નથી." હવે શુ૦ એ 'जात'નો 'नव-जात' એવો કરેલો અર્થ જ બરોબર છે એમ પણ નથી. એનો અર્થ સામાન્ય રીતે પુત્ર, પુમાન્ અપત્ય એવો થાય છે. એમાં ઉપરની સ્પષ્ટતા નથી.

ચૂ૦ અને ટી૦ પ્રમાણે सामणेर = 'શ્રમણનો પુત્ર' પરંતુ પાલી सामणेर અને બૌદ્ધ સંસ્કૃત श्रामणेर એ બંનેનો અર્થ 'શીખાઉ' થાય છે. અને આ શબ્દ અહીં એ જ અર્થમાં મશ્કરીમાં વપરાયો હોય એમ બને. कुमारનો અર્થ 'રાજકુમાર'. ટીકાકારો જો સાચા હોય—અને હું માનું છું કે તે સાચા છે—તો મારી ઉપરની ધારણા ખરી છે. (જુઓ—ટી૰ –कुमारभूताय क्षुल्लकरूपाय राजकुमारभूताय वा मत्पुत्राय।; ચૂ૦ : एसो मम देवकुमारभूतो ઇત્યાદિ). આમ એમાં ઉમરની મર્યાદા નથી (વળી ધ્યાનમાં રાખો કે ચીંથરાનો દડો મોટી ઉમર સાથે—ખાસ કરીને જરાય મેળ નહિ ખાય).

13d શીલાંકને અનુસરીને गोरहगનો અર્થ યા૦ 'બળદ' કરે છે અને શુ૦ "(લાકડાનો ?) વાછરડો" એમ કરે છે. પરંતુ તદ્દન સ્પષ્ટ એવા આ શબ્દની સમજૂતી શીલાંક 'त्रिहायनं बलीवर्दम्' એ પ્રમાણે કેમ આપે છે તે મને સમજાતું નથી. સેન્ટ પિટર્સબર્ગના લઘુકોશ પ્રમાણે गोरथक નો અર્થ 'બળદ કે ગાય વડે હંકાતું ગાડું' એમ થાય છે. અને મોહેં-જો-દારોના ખોદકામે બતાવ્યું છે કે છેક ત્રીજી સહસ્રાબ્દી જેટલા પ્રાચીન કાળમાં બળદગાડાંનાં રમકડાં પ્રચલિત હતાં.

15ab नव-सुत्तम्—આ શબ્દ એમ સૂચવતો લાગે છે કે અહીં શ્રમણને નવી ખુરશી લાવવાનું નથી કહ્યું પણ એને નવી પાટી નાખી આપવાનું કહેવામાં આવ્યું છે. તે જ પ્રમાણે તેને નવી તૈયાર પાદુકાઓ લાવવા માટે નહિ પરંતુ મુંજ–(ઘાસમાં)થી જાતે ગૂંથવાનું કહેવામાં આવ્યું છે.

16 યા૦ અને શુ૦ કહે છે તેમ પ્રથમ પાદને સતિ સપ્તમી તરીકે જરૂર સમજી શકાય. પણ હું તેને સ્ત્રીના કથનના ભાગ તરીકે લેવાનું વધુ પસંદ કરું છું. દ્વિતીયપાદ છંદની દૃષ્ટિએ એટલો બધો ભ્રષ્ટ છે કે ગ્રન્થને શુદ્ધ માની શકાય તેમ નથી. તેમ છતાં શક્ય ફેરફારનું સૂચન કરવાની મારી શક્તિ નથી.

19a "આ (સ્ત્રીઓ)ની બાબતમાં આ પ્રમાણે જણાવવું જોઈએ" આ પ્રકારનું શુ૦ ભાષાન્તર કૃત્રિમ લાગે છે કારણકે આ અર્થમાં विज्ञाप्यनो સંબંધ સપ્તમ્યન્ત तासु, સાથે જોડવાનું મુશ્કેલ છે. યા૦ विज्ञाप्य નો અર્થ 'વિનતિ' સમજી "સ્ત્રીઓની વિનતિઓ પ્રત્યે દરકાર રાખવી નહિ" એમ ભાષાન્તર કરે છે. આમાંય तासु એ પદ વિચિત્ર લાગે છે. विन्नप्पं નો અર્થ 15d* માં આવેલા आणप्पा થી ભિન્ન નથી એમ સૂચવાનું હું સાહસ કરું છું. ગૃહસ્થ પાસે એની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પત્ની, નોકર કે ગુલામ તરીકેની સેવાઓ લેતી હોવાથી એની જે અણછાજતી સ્થિતિ બને છે તેના નિર્દેશ આ શબ્દ કરે છે. ચૂ૦ वेणद्ध અને वेणप्प એવા બે વિચિત્ર પાઠાન્તરો આપે છે. આ બન્નેમાંનો ए કદાચ એવું સૂચવે છે કે મૂળમાં वेन्नप्प એ विज्ञाप्य = વિનતિ, પરથી સાધેલા वैज्ञाप्य એવું રૂપ હોવું જોઈએ. સમગ્ર સંદર્ભ અને ૧૫d*માં આવેલા आणप्पा ને ધ્યાનમાં લેતાં એનો કામચલાઉ અર્થ–" વિનતિ, આજ્ઞાંકિતપણું, વૈતરો " એવો થઈ શકે.

20d सय(म्)पाणिणा નો અર્થ શુ૦ ' પોતાના હાથે ' એમ કરે છે. પરંતુ ત્રણ વખત આવતો नो શબ્દ ત્રણ નિષેધો દર્શાવે છે. છેલ્લો નિષેધ હસ્તમૈથુનનો છે.

21d ટી૦, વૈ૦ અને હૈ૦ (ચૂ૦ પાઠ ઉદ્ધૃત કરતી નથી) °फाससहे પાઠ સ્વીકારવામાં સંમત છે. પરંતુ એમાં બે માત્રા ઘટે છે.

22d सुविमुक्के ને બદલે आमोक्खाए ને કાઢી નાખીશું તોય છન્દને ન્યાય આપવાનું એટલું જ શકય બનશે. પરંતુ અર્થની દૃષ્ટિએ આ ફેરફાર અનુકૂળ નથી. સા૦ અને હૈ૦ માં મળતું ' विहरे आमोक्खाए ' એવું પાઠાન્તર અધ્યાયને અન્તે મંગળ શબ્દ मोक्ख લાવવાની ઇચ્છાથી કદાચ સ્વીકારાયું લાગે છે.

---

* મૂળ લેખમાં 15d ને બદલે ભૂલથી 16c છપાયું છે. — અનુવાદક

નોંધ : ઇન્ડો-ઇરાનીઅન જર્નલ (ગ્રંથ ૨, અંક ૪, પૃ૦ ૨૪૯–૨૭૦)માં પ્રગટ થયેલ અંગ્રેજી લેખનો અનુવાદ કરવાની મંજૂરી આપવા માટે પ્રૉ૦ ડૉ૦ આલ્સડોર્ફનો આભાર માનું છું —અરુણોદય ન૦ જાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org